सत्यमेव जयते

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દાવો દાખલ કર્યા તા | 16/04/2019 | | | | | |
| દાવો રજી. કર્યા તા | 16/04/2019 | | | | | |
| દાવો ફૈંસલ કર્યા તા | 30/03/2026 | | | | | |
| અવધી: | 06 | Y | 11 | M | 14 | D |

## રાપરનાં મહેરબાન પ્રીન્સીપાલ સીવીલ જજ (જુ.ડી.) સાહેબની કોર્ટમાં, મું.રાપર

| | |
|---|---|
| રે.દિ.મુ.નં. | ૧૧/૧૯ |
| આંક: | |

| | |
|---|---|
| વાદી :- | (૧) લીરીબેન વા/ઓ.મનજી દામા ગામી,<br>(૨) વેલીબેન વા/ઓ.કરમણ રણછોડ બેરા,<br>(૩) જસુબેન વા/ઓ. લાલજી રાઘુ ચૌધરી,<br>(૪) હરબાઈ વા/ઓ.જયેશ નારણ વાવીયા,<br>(૫) હંસાબેન વા/ઓ.ગીરીશ રાઘુ વાવીયા,<br>(વાદી નં.૪ વાળા જાતે તથા વાદી નં.૧ થી ૩ તથા ૫ વાળાના સ્પે. પાવર ઓફ એટર્ની તરીકે) |
| | વિરૂધ્ધ |
| પ્રતિવાદી :- | (૧) હરેશ નશા ઉર્ફે નરસંગ ચૌધરી,<br>(૨) સિધ્ધરાજસિંહ ભગુભા વાઘેલા. |

| | |
|---|---|
| | રહે.બંને હમીરપર(મોટી)તા.રાપર(કચ્છ). |

| | |
|---|---|
| વિષયઃ– | દસ્તાવેજ રદ કરાવવા અંગે તથા કાયમી મનાઈહુકમ અને ડેકલેરેશન મેળવવા અંગે. |

| | |
|---|---|
| વાદીઓ તરફે વિધ્વાન વકીલ શ્રીઃ– | આર.આર.ચંદે |
| પ્રતિવાદીઓ તરફે વિદવાન વકીલ શ્રીઃ– | જી.બી.વ્યાસ |

# –: JUDGMENT (ચુકાદો) :–

(A) **NARRATION OF FACTS (દાવાની હકીકત):–**

## (૧) વાદીનો કેસ (Plaintiff Version):–

(૧.૧) આ કામના વાદીના દાવાની હકીકત ટુંકમાં એવી છે કે, વાદી નં. ૧ થી ૫ વાળી સબંધમાં આપસમાં સગી બહેનો થાય છે. તથા રાપર તાલુકાના હમીરપર ( મોટી) ગામના કાનજી લાધા ચૌધરીની સગી દીકરીઓ છે. આ તમામના લગ્ન થઈ ગયેલ હોવાથી હાલે તેઓના સાસરામાં,અનુક્મે વાદી નં. ૧ વાળી, બાદરગહે, તા.રાપર, વાદી નં. ૨ વાળી, વિલેપાર્લે–મુંબઈ, વાદી નં. ૩ વાળી, મીરારોડ–મુંબઈ, વાદી નં. ૪ વાળી, રાપર મુકામે તથા વાદી નં. ૫ વાળી અંધેરી (ઈસ્ટ) મુંબઈ મધ્યે રહે છે. વાદી ન. ૧, ૨, ૩ તથા ૫ વાળી રાપરથી .દુર રહેતી હોવાથી આ દાવો કરવા માટે રાપર રહેતી બેન વાદી નં. ૪ વાળીને સ્પે. પાવર ઓફ એટર્ની કરી આપેલ છે. જેથી, વાદી નં. ૪ વાળી પોતે જાતે તથા વાદી નં. ૧,૨,૩ તથા ૫ વાળીના સ્પે. પાવર ઓફ એટર્ની હોલ્ડર

તરીકે આ દાવો આપ નામદાર સમક્ષ રજુ કરે છે. સદર પાવર ઓફ એટર્ની અસલ આ દાવા અરજી સાથે રજુ છે. પ્રતિ. તં. ૧ , ૨ વાળા રાપર તાલુકાના હમીરપર (મોટી) ગામે રહે છે. પ્રતિ. નં, ૨ વાળા તેમના પિતાના રાપર મુકામેના મકાનમાં પણ રહેતા હોય છે. વાદીઓના સ્વતંત્ર કબજા ભોગવટા માલિકીનું ખેતર ૧, રાપર તાલુકાના હમીરપર ( મોટી) ના સર્વે નં, ૧૪૧/પૈકી ૨ , હે..૬–૫૭– ૮૨ થી આવેલું છે. સદર ખેતરની ચતુર્દીશા નીચે મુજબ છે. પૂર્વે :ઘનશ્યામ ભીખાલાલ વ્યાસનું ખેતર આવેલ છે. પશ્ચિમે:પડતર જમીન તથા ડામર રોડ આવેલ છે. ઉત્તરે :હરજી લાધા ચૌધરીની ખેતીની જમીન આવેલ છે. દક્ષિણે :–આંબા રવા મોર નું ખેતર આવેલ છે. એ રીતેની ચતુર્દીશા તથા વર્ણનવાળા ખેતરને હવે પછી આ અરજીમાં સરળતા ખાતર "દાવાવાળા ખેતર' તરીકે ઉલ્લેખ કરેલ છે. દાવાવાળું ખેતર મુળ હમીરપર (મોટી)ના કાનજી લાધા ચૌધરી (વાદી નં.૧ થી ૫ ના પિતા) ની માલિકીનું હતું. પરંતુ, તેમણે પોતાની તમામ ખેતીની જમીનોની તેમની હયાતીમાં તેમના વારસદારોને કૌટુંબિક વહેંચણી સને ૨૦૧૧ માં કરતાં, દાવાવાળું ખેતર હક્કપત્રક નોંધ નં. ૨૮૧૮ થી વાદીઓના ભાગમાં આવલું છે. સદર નોંધ નં. ૨૮૧૮ ની ખરી નકલ દાવા અરજી સાથે રજુ છે. આમ, ત્યારથી દાવાવાળા ખેતરના કબજેદાર/માલિક વાદી નં. ૧ થી ૫ વાળી થયેલ છે તથા ત્યારથી દાવાવાળું ખેતર સતત, અવિરત, અખંડ, અભંગ ખેડતા વાવતા આવે છે.

(૧.૨) વધુમાં વાદી જણાવે છે કે, છેલ્લા થોડા સમયથી દાવાવાળા ખેતર પરત્વે વાદીઓના ભત્રીજા એટલે કે વાદીઓના ભાઈના દીકરા પ્રતિ. નં. ૧ હરેશ નશા ઉર્ફે નરસંગ ચૌધરીની દાનત ખોટી થયેલી છે. પ્રતિ. નં.૧ ને દાવાવાળું ખેતર વાદીઓ પાસેથી ઝુંટવી લેવું છે. આ સાજીશના ભાગરૂપે તેણે અન્ય શખ્સો સાથે ભળી જઈ,

==================================================================

વાદીઓ પૈકી કોઈએ પ્રતિ. નં.૧ ને કોઈ સોગંદનામું નહીં કરી આપેલ હોવા છતાં, તેણે નોટરી સમક્ષ વાદીઓના નામના ખોટાં સોગંદનામા ઉભાં કરી/કરાવી,આ ખોટાં અને બોગસ સોગંદનામાંના આધારે, વાદીઓની જાણ અને સમતિ વગર ગઈ, તા.૪/૫/૨૦૧૬ ના અરસામાં ખોટી હક્કપત્રક નોંધ નં. ૩૮૧૦ વાળી પડાવી, દાવાવાળા ખેતરમાં ખોટી રીતે સહ માલિક/હિસ્સેદાર તરીકે પોતાનું નામ દાખલ કરાવી દીધલ છે. સદર હક્કપત્રક નોંધ નં. ૩૮૧૦ ની નકલ દાવા અરજી સાથે રજુ છે.

(૧.૩) વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિ. નં. ૧ વાળાએ દાવાવાળા ખેતરમાં ખોટી રીતે પોતાનું નામ દાખલ કરાવી લેતાં વાદીઓ ડેપ્યુટી કલેકટરશ્રી ભચાઉ સમક્ષ નોંધ નં. ૩૮૧૦ રદ કરાવવા અપીલ કરેલી. પરંતુ, સદર અપીલ નામંજુર થતાં, વાદીઓએ કલેકટરશ્રી કચ્છ સમક્ષ નોંધ નં, ૩૮૧૦ રદ ફરમાવવા રીવીઝન કરેલ છે. જેની નકલ દાવા અરજી સાથે રજુ છે. પ્રતિ. નં.૧ વાળા આટલેથી અટકી નહીં જતાં, દાવાવાળું ખેતર હડપ કરી જવાની સાજીશના ભાગરૂપે, ગઈ, તા. ૧૫/૪/૨૦૧૬ ના અરસામાં મામલતદારશ્રી–રાપરની કચેરીના સર્કલ ઓફીસર એન. એલ. ચાવડા તથા અન્ય શખ્સો સાથે મળી જઈ, વાદીઓના નામના દાવાવાળા ખેતરમાંથી હક્ક જતો કરવા અંગેના ખોટાં સોગંદનામાં ઉભાં કરી/ કરાવી, હક્કપત્રક નોંધ નં. ૩૮૪૨ વાળી પડાવેલી. સદર નોંધ નં. ૩૮૪૨ ની નકલ દાવા અરજી સાથે રજુ છે. વાદીઓએ દાવાવાળા ખેતર અંગે કોઈ જ સોગંદનામા નહીં કરી આપેલ હોવા છતાં, આવા બોગસ, ફ્રોડ સોગંદનામાના આધારે પાડવામાં આવેલ નોંધ નં. ૩૮૪૨ વિરૂધ્ધ વાદીઓએ મામલતદારશ્રી રાપરની કચેરીમાં વાંધાઓ રજુ કરતાં સદર વાંધાઓને મંજુર રાખી, રાપર મામલતદારશ્રીએ હકપત્રક નોંધ નં. ૩૮૪૨ નામંજુર કરેલ છે. જેની પણ નકલ દાવા

==============================================================

અરજી સાથે રજુ છે. સદર નામંજુર હુકમ વિરૂધ્ધ પ્રતિ. ન. ૧ વાળાએ આજદીન સુધી કોઈ અપીલ / રીવીઝન કરેલ નથી. જે હકીકત ખૂબ સુચક છે. હક્ક જતો કરવાના ખોટાં સોગંદનામાના આધારે રેવન્યુ રેકર્ડમાંથી વાદીઓના નામ કમી કરાવવાના કાવતરા પ્રતિ. નં.૧ વાળાને નિષ્ફળતા મળતાં, ગઈ, તા. ૨૮/૮/૨૦૧૮ ના અરસામાં, પ્રતિ. નં. ૧ વાળાએ વાદીઓના નામનું ખોટું સ્પે. પાવર ઓફ એટર્ની તૈયાર કરી / કરાવડાવી, કુર્લા–મુંબઈ તથા થાણાના નોટરી સમક્ષ નોટરાઈઝડ કરાવી લીધેલ છે. સદર પાવરતામાની નકલ દાવા અરજી સાથે રજુ છે.

(૧.૪) વધુમાં વાદી જણાવે છે કે, વાદીઓએ પ્રતિ. નં. ૧ વાળાને ક્યારેય કોઈ પાવરનામું લખી આપેલ નથી અને આવા કોઈ પાવરનામામાં તેમની સહીઓ કરી આપેલ નથી. સદર પાવરનામું જોવાથી પ્રાથમિક દ્રષ્ટીએ જ જણાઈ આવે છે કે આ પાવરનામું ખોટું, બોગસ તથા ફ્રીડ છે. પ્રિપ્લાનના ભાગરૂપે આ પાવરનામામાં પ્રતિ. ન. ૨ વાળાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ, પ્રતિ. નં. ૨વાળા અગાઉથી જ પ્રતિ. તં. ૧ સાથે ભળેલા હતા તે હકીકત સાબિત થઈ જાય છે. ઉપરોકત હકીકતવાળા પાવરનામાના આધારે પ્રતિ. નં.૧ વાળાએ આર્થિક ગેરલાભ લેવાના બદઈરાદે બારોબાર દાવાવાળું ખેતર પ્રતિ. ન. ૨ વાળાને તા. ૩૧/૮/૨૦૧૮ ના રજી. દસ્તાવેજથી અઘાટ વેચાણ કરી નાખેલ છે. સદર દસ્તાવેજની નકલ દાવા અરજી સાથે રજુ છે.વાદીઓને આ હકીકતની ખબર મળતા, તેમણે જરૂરી કાગળો એકત્ર કરી, તા. ૩૧/૮/૨૦૧૮ વાળા ખોટાં અને બોગસ દસ્તાવેજના આધારે પાડવામાં આવેલ હક્કપત્રક નોંધ નં. ૪૨૪૦ વિરૂધ્ધ મામલતદાર કચેરીશ્રી રાપરમાં વાંધાઓ રજુ કરતાં, સદર વાંધાઓના આધારે મામલતદારશ્રી રાપરે તકરારી કેશ દાખલ કરેલ છે. સદર વાદીઓની વાંધા અરજી તથા

==============================================================

તેના આધારે નોંધ નં. ૪૨૪૦ વાળી તકરારી જાહેર થતાં તેની નકલો દાવા અરજી સાથે રજૂ છે.

(૧.૫) વધુમાં વાદી જણાવે છે કે, ઉપરની હકીકતે પ્રતિ. નં. ૧, ૨ વાળાઓએ દાવાવાળું ખેતર હંડપ કરી જવાના બદઈરાદે ખોટું કરી/કરાવી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોઈ તેમના વિરૂધ્ધ: ફરીયાદ દાખલ કરવા રાપર પો. સ્ટેમાં ગઈ, તા.૨૦/૩/૨૦૧૯ ના અરજી કરેલ છે. જેની તકલ દાવા અરજી સાથે રજુ છે. ઉપરોકત તા. ૩૧/૮/૨૦૧૮ વાળા બોગસ રજી. વેચાણ દસ્તાવેજના આધારે પ્રતિ.ઓ અવારનવાર વાદીઓથી માથાકુટ કરી રહેલ છે. પ્રતિ. નં, ૧ વાળા વાદીઓને ધમકી આપી જણાવે છે કે દાવાવાળું ખેતર મેં વેચાણ કરી તાખેલ છે. તમારે તે તરફ હવે જવાનુ નથી. નહીંતર તમારી ખેર નહીં રહે. નં, ૨ વાળાએ ગઈ, તા. ૧૫/૪/૨૦૧૯ ના સાજના સાતેક વાગે વાદી નં. ૪ વાળીના ઘેર જઈ, તેણીને અતે તેણીના પતિને ધમકી આપી કહેલ છે કે દાવાવાળા ખેતરમાં પગ મુકજો નહીં, નહીંતર એકેય હાડકું સાુજું નહીં રહે. આવી ધમકી આપતાં વાદીઓ ખૂબ ડરી ગયેલ છે. વાદીઓને વ્યાજબી ભય અને દહેશત છે કે પ્રતિ.ઓ બળજોરાઈથી દાવાવાળા ખેતરનો કબજો કરી લેશે, તથા તા. ૩૧/૮/૨૦૧૮ વાળા વેચાણ દસ્તાવેજના આધારે દાવાવાળા ખેતરની પોતાની માલિકી બતાવી, ખેતર અન્ય કોઈને વેચવાટ કરી નાખશે. જેથી, પ્રતિવાદીઓને તેમના આવા ગેરકાયદેસરના કૃત્યોને મનાઈ હુકમના શસ્ત્ર વડે અટકાવવા જરૂરી હોઈ, વાદીઓ સદર દસ્તાવેજ રદ કરાવવાની માંગણી સાથે પ્રતિવાદીઓ સદર ખેતીની જમીન અન્ય કોઈને વેચસાટ કે અન્ય હકકે ટ્રાન્સફર ન કરી નાખે, .તે હેતુથી તેમના ગેરકાયદેસરના કૃત્યોને મનાઈ હુકમ વડે અટકાવવા જરૂરી હોઈ વાદી આ અરજ નામદાર સમક્ષ ગુજારે

છે. દાવાવાળું ખેતર વાદીઓના પિતા કાનજી લાધા ચૌધરીએ; હયોતીમાં સને ૨૦૧૧ માં વહેંચણી કરતાં વાદીઓના ભાગમાં આવેલું છે. ત્યારથી સદર દાવાવાળા ખેતરનો કબજો ભોગવટો, માલિકી વાદીની થયેલ છે.

(૧.૬) વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિવાદીઓએ વાદીઓના દાવાવાળા ખેતરનો તા. ૩૧/૮/૨૦૧૮ વાળો ખોટો અને બોગસ વેચાણ દસ્તાવેજ બનાવી લીધેલ છે. વાદીઓએ સદર દાવાવાળુ ખેતર વેચાણ કરવા માટે પાવરનામું આપેલ નથી કે પ્રતિવાદી નં. ૨ ને વેચાણ દસ્તાવજ કરી આપેલ નથી. વાસ્તે, અરજ સાથે માંગણી કરેલ છે કે, પ્રતિવાદીઓને આપ નામદાર સમક્ષ સમંસથી બોલાવી વાદીઓને નીચે પ્રમાણે દાદ/રાહત આપવા નમ્ર અરજ છે. (૧) દાવાવાળું ખેતર વાદીઓના કબજા ભોગવટા માલિકીનું છે. પ્રતિવાદીઓનો તેમાં કાંઈ હક્ક હિસ્સો કે હિતસબંધ નથી તેવું જાહેર કરી આપવા નમ્ર અરજ છે. તથા (૨) દાવાવાળી વાદીઓની સદર ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ તા. ૩૧/૮/૨૦૧૮ વાળો બોગસ અને ખોટો હોઈ તથા રદ થવાને પાત્ર હોઈ સદર તા. ૩૧/૮/૨૦૧૮ વાળો વેચાણ દસ્તાવેજ રદ ફરમાવવા નમ્ર અરજ છે. તથા (૩) દાવાવાળી સદર ખેતીની જમીનના વાદીઓના કબજા ભોગવટામાં પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો, એજન્ટો, સગા સબંધીઓ વિગેરે મારફતે અડચણ અટકાયત કરે/કરાવે નહીં તેવો તેમના પર કાયમી મનાઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તથા (૪) દાવાવાળી સદર ખેતીની જમીનમાં પ્રતિવાદીઓ જાતે કે નોકરો, એજન્ટો, સગા સબંધીઓ વિગેરે મારફતે પ્રવેશ કરે / કરાવે નહિં તેવો તેમના પર કાયમી મનાઈ હુકમ ફરમાવવા નમ્ર અરજ છે. તથા (૫) આ દાવાનું સઘળું મુકદમા ખર્ચ વાદીઓને પ્રતિવાદીઓ પાસેથી અપાવવા નમ્ર અરજ છે. તેમજ હકીકત, સ્થિતિ સંજોગ,

==============================================================

કાયદાકીય પરિસ્થિતિ વિગેરે નજરે મળી શકતી તમામ દાદ/રાહત વાદીઓને અપાવવા નમ્ર અરજ કરેલ છે.

## (૨) **પ્રતિવાદીનો જવાબ/કેસ (Defendant Version) : –**

(૨.૧) અત્રેની અદાલતમાં દાવો દાખલ થતા સદરહું દાવાનો સમન્સ પ્રતિવાદી ઓને મોકલતા અને તેની બજવણી કરવામાં આવેલ જે અન્વયે પ્રતીવાદી નં.૧ તરફે આંક –૧૨ થી તેઓનો જવાબ રજુ કરેલ છે, જયારે પ્રતીવાદી નં.ર તરફે કોઈ જવાબ રજુ કરવામાં ન આવતા આંક–૦૧ તળે તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. પ્રતીવાદી નં.૧ વાળાના આંક–૧૨ વાળા જવાબમાં તેઓ જણાવે છે કે, .પ્રતીવાદી ને કબુલ નથી અને દાવા અરજીના પેરા–૧,માં જણાવવાનું કે વાદી નં.૧ થી ૫ સગી બહેનો હોવાની હકીકતો ખરી છે. અને વાદી નં.૧,૨,૩,૫ વાળાએ વાદી નં.૪,ને સ્પેશિયલ પાવરનામું કરી હોવાની હકીકત અમોને કબુલ નથી. દાવા અરજીના પેરા–ર,માં જણાવવાનું કે અમો પ્રતિવાદી નં.૧, ગામ હમીરપર મોટી તા.રાપર–કચ્છ મધ્યે રહીએ છીએ અને નં.ર, વાળા,રાપર રહે છે. દાવા અરજી પેરા–૩ માં જણાવવાનું કે વાદીએ જણાવેલ હમીરપર મોટીના સર્વે નંબર–૧૪૧/ પૈકી ૨, જેના હેક્ટર .૬–૫૭–૬૨ વાળું નામે ચંડેસરું વાદીઓના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીનું આવેલ હોવાની હકીકત ખરી નથી.સદરહું ખેતર પૈકી આ ખેતર માંથી બે ભાગ થયેલ છે.

(૨.૨) વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, અમો પ્રતિવાદીના પિતા તથા કાકા પરબત કાનજી ચૌધરી જાતે વાવતા ખેડતા હતા તે દરમિયાન અમારા દાદા કાનજી લાધા વ્યોવૃધ અને અસ્કત થતાં તેમજ તેમની માનસીક પરિસ્થિતિનો લાભ લઈ વાદી નં.૧,ના પતિ મનજી દામા ગામીએ મારા પિતા તથા કાકા પરબતને ભાગે આવેલ

==============================================================

જમીન જે કુટુબીક વહેચણીમાં હતી. તે જમીનમાં અમારા રિવાજ મુજબ દિકરીઓ ભાગ લેતી ન હોવા છતાં મારા પિતાના બનેવી એટલે કે મનજી દામા ગામી હયાતીમાં વહેચણી રેવન્યું રેકડમાં કરાવવામાં સફળ થયેલ. પરંતું આજે પણ વર્ષોથી નીચે મુજબ જમીનોનું કબજો ભોગવટો મારા કાકા તથા મારા પિતાનો રહેલ અને મારા દાદાના મારા પિતા તથા પરબત કાનજી એમ બે ભાઈઓ છે. ભીમાસર,હમીરપર જતી સડકને અડીને આવેલી ચારથી પાંચ એકર જમીન જેમાં બોર આવેલ છે. જેનો કબજો ભોગવટો અને માલીકી પણ મારા કાકા પરબત કાનજીની છે. અને આ રીતે વાદીએ ચર્તુદિશા પણ ખરી નથી. જેમ કે.પુર્વ તરફ : જગદિશચંદ્ર ભીખાલાલ વ્યાસનું ખેતર આવેલ છે. પશ્રિમ તરફ :પડતર જમીન તથા પરબત કાનજી ચૌધરીની બોરવાળી જમીન તથા ડમર રોડ આવેલ છે. ઉતર તરફ : હરજી લાધા ચૌધરીની જમીન આવેલ છે. દક્ષિણ તરફ : સડક મુકીને આંબા રવા મોરનું ખેતર આવેલ છે.

(૨.૩) વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, કહેવાતા દાવાવાળા ખેતરની હાલની પરિસ્થિતિ ઉપર મુજબની હતી અને જે પૈકી પરબત કાનજીના કબજાની જમીન દાવાવાળા ખેતરમાં આવી જાય છે. અને અન્ય જમીનોનું કબજો ભોગવટો માલીકી અમો પ્રતિવાદીઓની હાલે છે. દાવા અરજીના પેરા–૪ બાબતે જણાવવાનું નોધ નંબર–૨૮૧૮ વાળી અમો પ્રતિવાદીના કુવા મનજી દામાંએ મારા દાદાની પરિસ્થિતિનો ગેરલાભ લઈ અમારા કુંટુંબમાં કલેશ કરાવવા અર્થેથી પચાવી લીધેલ અને કબજા રહીત તેમજ મારા કાકા તથા પિતાની સંમંતિ વગર થયેલ નથી તેવી કૈટુબીક વહેચણી કરાવવામાં વાદી નં.૧ ના પતિ મનજી દામાં જે મારા કુવા થાય છે તે સફળ થયેલ પરંતું સ્થાનિકે કબજો કાનજી લાધાના બન્ને પુત્રો નશાભાઈ કાનજી તથા પરબત કાનજીનો

==================================================================

રહેલ જે છેલ્લા ૩૦, વર્ષથી કાયમ હતો અને આજે પણ પરબત કાનજી ચૌધરી તેમના ભાગની જમીન બોર સાથે વાવેખેડે છે. તેમજ તેમના કબજા સિવાયની કપીત જમીનમાં મારા પિતા નશા કાનજીએ માતબર ખર્ચ કરી કુવો વિગેરે ખાતર પુજો નાખી વાવવા લાયક ફળદ્રુપ બનાવેલ છે.

(૨.૪) વધુમાં પ્રતિવાદી જણાવે છે કે,ખરી હકીક્ત એશે કે, મનજી દામાએ જનરલ પાવરનામું લીરીબેનના નામનું પાનું ખરીદ કરી અમોને તેઓએ સોપેલ અને રકમની પહોચ પણ તેમને આપેલ અને આ રીતે દાવાવાળી જમીન અમો પ્રતીવાદી નં.૧, નાએ પ્રતિવાદી નં.૨,ને વેચેલ અને હાલે અમો જાતે વાવીએ ખેડીએ છીએ. દાવા અરજીના પેરા–૫, ૬, ૭, ૮, ૯ ની હકીકતે જણાવવાનં કે દાવાવાળી મિલકત બાબત પક્ષકારો વચ્ચે રિવિજન ચાલુમાં છે. અને તે દરમિયાન પાવરદારે ખોટી ફરીયાદ કરેલ છે. જે પુરાવા સમયે જણાઈ આવશે. દાવાવાળા ખેતરમાં મોલ હાલે એરંડા,તથા કપાસ વાવેલ છે. તેમજ થોડો રાયડો તથા ગાજર છે. અને કુવાપર અમારું મશીન છે.તેમજ પરબત કાનજીના કબજાની જમીન હાલે પડતરછે. જેમાં બાવળ ઉભા છે.અને બોરનો કનેકશન છે. દાવાનુ કારણ તા.૧૫/૦૪/૨૦૧૮ ના રોજ ધમકી આપયાની હકીકત વાદીની ખરી નથી. તેમજ તા.૩૧/૦૮/૨૦૧૮ વાળા દસ્તાવેજની રૂએ પ્રતિવાદીઓએ દાવાવાળા ખેતરનો કબજો લઈ લેવો તેવી હકીકત વાદીએ ઉભી કરેલ છે.

(૨.૫) વધુમાં પ્રતિવાદી જણાવે છે કે,અગાઉ જણાવ્યા મુજબ ૩૦ વર્ષથી વિના રોકટોક શાંત પ્રત્યક્ષ અને વડીલો પાર્જીત મિલકતનો સંયુકત કબજો પ્રથમ અમારા દાદા કાનજી લાધા તથા ત્યારબાદ પરબત કાનજી તથા નશા કાનજીનો હતો અને આ રીતે

==================================================================

વડીલો વખતથી દાવાવાળી મિલકતનો કબજો કાનજી લાધાના બન્ને સંતાનો રહેલ છે. જેથી હયાતીમાં કાનજી લાધાએ આપેલ દાવાવાળી જમીન પ્રથમથી જ નલ એન્ડ વોઈડ છે. અગવડ સગવડના ધોરણે વાદી કરતા પ્રતિવાદી તરફેણમાં છે. પૈસાથી બદલો મળી ન શકે તેવું નુકશાન પ્રતિવાદીને થાય તેમ છે. મનાઈ હુકમ ન મળે તો તેમને કોઈ નુકશાન થાય તેમ નથી અને વાદીનો વડીલો વખતથી આજ દિન સુધી કયારે કબજો નથી. દાવાવાળા ખેતરનો કબજો ભોગવટો વાદીઓ નથી કે માહીતી નથી. દાવાવાળા ખેતરમાં વાદી પ્રતિવાદીઓને, અટકાવવાનું કે તેના ઉપભોગમાં અંતરાય કરવા હકક ધરાવતા નથી તેવું જાહેર કરશો. વાદીની તમામ દાદો નામંજુર કરી દાવાનું સઘળું ખર્ચ અમો પ્રતિવાદીઓને અપાવશો. તેમજ દાવાની સ્થિતિ સંજોગો કાયદાકીયની પરિસ્થિતિ મુજબ નજરે મળતી તમામ રાહત દાદ પ્રતિવાદીની તરફેણમાં અપાવવા અરજ કરેલ છે.

(૩) **મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા (Oral and Documentary Evidence):–**

આ કામે વાદી તથા પ્રતિવાદી તરફે જે મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા કેસની કાર્યવાહી દરમ્યાન રજુ કરવામાં આવેલ છે. તે તમામનુ વર્ણન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**(૪.૧) વાદી તરફે મૌખિક પુરાવા**

| **અ.નં.** | **વાદી તરફે સાહેદના નામ** | **આંક** |
|---|---|---|
| 1 | વાદી નં.૪ હરબાઈ જયેશ વાવીયાની જુબાની | 25 |

================================================================

## (૪.૨) વાદી તરફે દસ્તાવેજી પુરાવા

| **અ.નં.** | **વાદીએ રજુ કરેલ દસ્તાવેજોનુ વિગત–** | **આંક** |
|---|---|---|
| 1. | રીવીઝન અરજી નં.૫૬૯ માં થયેલ હુકમની નકલ. | 24 |
| 2. | વાદી નં.૧,૨,૩ તથા ૫ વાળાએ પ્રતિ.નં.૪ ને કરી આપેલ પાવરનામું અસલ | 26 |
| 3. | હકકપત્રક નોંધ નં.૨૮૧૮ ની ખરી નકલ | 27 |
| 4. | હકકપત્રક નોંધ નં.૩૮૧૦ ની ખરી નકલ | 28 |
| 5. | હકકપત્રક નોંધ નં.૩૮૪૨ ની ખરી નકલ | 29 |
| 6. | પ્રતિ.નં.૦૧ વાળાએ પ્રતિ.નં.૨ વાળાને કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ | 30 |
| 7. | તકરારી નોંધ નં.૪૨૪૦ ની ખરી નકલ | 31 |
| 8. | વાદી નં. ૦૪ વાળાએ રાપર પોલીસ સ્ટેશનમાં પ્રતિવાદી વિરૂઘ્ઘ નોંધાવેલ ફરીયાદની નકલ | 34 |
| 9. | કલોઝિંગ પુરસીસ | 35 |

## (૪.૩) પ્રતિવાદી તરફે મૌખિક પુરાવા

| **અ.નં.** | **પ્રતિવાદી તરફે સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| **1.** | પ્રતિવાદી નં.૦૧ હરેશ નશા ચૌધરીની જુબાની – | 39 |

================================================================

| | | |
|---|---|---|
| 2. | પ્રતિવાદીના સાહેદ નશા કાનજી ચૌધરીની જુબાની – | 53 |
| 3. | પ્રતિવાદીના સાહેદ જોધા રાયમલ ભરવાડની જુબાની – | 62 |
| 4. | પ્રતિવાદીના સાહેદ દિક્ષિતચંદ્ર જગદીશચંદ્ર વ્યાસની જુબાની – | 65 |
| 5. | પ્રતિવાદીના સાહેદ રૂપા નાથા મોરની જુબાની – | 74 |
| 6. | પ્રતિવાદીના સાહેદ હીરા હરજી ચૌધરીની જુબાની – | 85 |
| 7. | પ્રતિવાદીના સાહેદ આંબા રવા મોરની જુબાની – | 93 |
| 8. | પ્રતિવાદીના સાહેદ વિરલબેન તુલસીભાઈ સીસોદીયાની જુબાની – | 95 |

(૪.૪) <u>પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા</u>

| અ.નં. | પ્રતિવાદી તરફે રજુ કરેલ દસ્તાવેજની વિગત– | આંક |
|---|---|---|
| **1.** | હમીરપુર ગામ નમુના નં.૬ | 40 |
| 2. | હીમરપુર ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૨૮૧૮ | 41 |
| 3. | ગામ નમુના નં.૬ નોધં નં.૩૮૧૦ | 42 |
| 4. | ગામ નમુના નં.૬ નોધં નં.૩૮૪૨ | 43 |
| 5. | ગામ નમુના નં.૬ નોધં નં.૪૨૪૦ | 44 |
| 6. | ગામ નમુના નં.૬ નોધં નં.૪૩૯૦ | 45 |
| 7. | ગામ નમુના નં.૬ નોધં નં.૪૮૩૯ | 46 |

==========================================================

| | | |
|---|---|---|
| 8. | ગામ નમુના નં.૬ નોધં નં.૪૩૫૪ | 47 |
| 9. | ગામ નમુના નં.૭, સ.નં.૧૪૧/પૈકી ૨ | 48 |
| 10. | ગામ નમુના નં.૧૨, સ.નં.૧૪૧/પૈકી ૨ | 49 |
| 11. | ગામ નમુના નં.૮, સ.નં.૧૪૧/પૈકી ૨,ખાતા નં.૧૫૩૫ | 50 |
| 12. | નોંધ નં.૫૯૫ ની નકલ | 78 |
| 13. | ખાતા નં.૧૦૪૨ ના ૮–અ ના ઉતારાની નકલ | 79 |
| 14. | સર્વે નં.૧૪૧/પૈકી ૧ નો ગામ નમુના ૧૨ ની નકલ | 80 |
| 15. | ટીપ્પણની ખરી નકલ | 81 |
| 16. | સુડબુકનો ઉતારો | 82 |
| 17. | જમીનના પ્રકારના પત્રની ખરી નકલ | 83 |
| 18. | તકરારની અસલ કોપી | 84 |
| 19. | હમીરપરના સ.નં.૧૪૧/પૈકી ૧ તથા ૧૪૧/પૈકી/૨ ના ગામ નમુના નં.૭, ૮/અ તથા નોંધ નં.૧૩૫૨ અને ોનંધ નં.૪૦ ની ખરી નકલ | 96 TO 102 |
| 20. | કલોઝિંગ પુરસીસ | 104 |

આ કામના **<u>વાદી તરફે આંક – ૩૫</u>** થી તથા **<u>પ્રતિવાદી તરફે આંક – ૧૦૪</u>** થી પુરાવા બંધની પુરસીસ આપીને પોતાનો પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ છે.

==========================================================

==========================================================================

(૫) **દલીલ (Argument):–**

(૫.૧) આ કામે વાદી તરફે તેઓના **વિધ્વાન વકીલશ્રી ને સાંભળ્યા.** તથા પ્રતિવાદી તરફે **વિધવાન વકિલ શ્રીને સાંભળ્યા.**

(૫.૨) વાદી તરફે વિદવાન વકીલશ્રીએ દલીલમાં જણાવેલ છે કે અમો વાદીએ મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવાથી અમારો કેસ પુરવાર કરેલ છે. નામદાર કોર્ટે જે મુદદા ઘડેલા તેને સાબીત કરવામાં અમો વાદી સફળ થયેલા છે. જયારે પ્રતિવાદી તેમના કથન મુજબ તકરારી હકીકતોને સાબીત કરવામાં સફળ થયેલા નથી. દાવાની કાર્યવાહીનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૫.૩) જયારે પ્રતિવાદી તરફે વિદવાન વકીલશ્રી એ દલીલમાં જણાવેલ છે કે અમો પ્રતિવાદીએ મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવાથી પ્રતિવાદીની હકીકતોનો કેસ પુરવાર કરેલ છે. જયારે બીજી તરફે વાદી તેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. નામદાર કોર્ટે જે મુદદા ઘડેલા તેને સાબીત કરવામાં વાદી નિષ્ફળ થયેલા છે. જયારે અમો પ્રતિવાદીએ અમારા જવાબમાં જણાવ્યા મુજબની તકરારી હકીકતોને સાબીત કરવામાં સફળ થયેલા છે. જેથી દાવો ખર્ચ સાથે કાઢી નાખવા તથા અમો પ્રતિવાદીને ખર્ચ અપાવવા નમ્ર અરજ ગુજારેલ છે.

(૬) **મુદદા (Issue):–**

(૬.૧) આ કામે વાદીના દાવા તથા પ્રતિવાદીના જવાબના આધારે **આંક – ૧૮** થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલા છે.

==========================================================================

=============================================================

**–:મુદ્દા:–**

1. **શુ વાદી એ પુરવાર કરે છે કે તેઓ દાવાવાળીમીલકત મોજે હમીરપર મોટીના સર્વે નં.૧૪૧/પૈકી ૨ વાળી તેઓની કાયદેસરની માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે ?**
2. **શુ વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ વાદીઓના નામનું ખોટું પાવર ઓફ એટર્ની બનાવડાવી પ્રતિવાદી નં.ર નાઓને સદર ખોટુ પાવર ઓફ એટર્નીના આધારે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૨૦૩૨/૩૧–૦૮–૨૦૧૮ વાળા કરેલ જે બોટસ અને ગેરકાયદેસર હોવાથી રદબાતલ છે ?**
3. **શુ વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી દાવાવાળી મીલકતમાં વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં અડચણ અટકાયત કરી રહયા છે ?**
4. **શુ પ્રતિવાદી નં.૦૧ એ સાબીત કરે છે કે, વાદીઓએ તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ પાવર ઓફ એટર્ની તેઓની તરફેણમાં કરી આપેલ ?**
5. **શુ વાદી દાવા અરજી મુજબની દાદ મેળવવા હકદાર છે?**
6. **શુ હુકમ અને શુ હુકમનામુ?**

(૬.૨)ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

1. **નકારમાં.**
2. **નકારમાં.**
3. **નકારમાં.**
4. **હકારમાં.**

=============================================================

==================================================================

**5. નકારમાં.**

**6. આખરી હુકમ મુજબ**

**-:કારણો:-**

**કારણો/ ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન:-**

**Findings/Discussion And Appreciation Of Evidence:-**

(૭) તમામ મુદાને સાબીત કરવાનો બોજો વાદી/પ્રતિવાદી પર મુકવામાં આવેલ છે. તેની ચર્ચા કરીએ તે પહેલા અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે વાદી જયારે દાવો લઈને આવેલા હોય તો વાદીની પ્રાથમીક ફરજ એ હોય છે કે ચોખ્ખા હાથે આવેલા હોવા જોઈએ. દાવામાં કોઈ હકીકતો છુપાવેલી ના હોવી જોઈએ. દાવાની હકીકતોને સમર્થનકારક દસ્તાવેજી પુરાવા રજુ કરેલા હોવા જોઈએ. માત્ર દસ્તાવેજોને આંક પડવાથી સાબીત થઈ જતા નથી. પરંતુ પક્ષકારોએ તે મૌખિક પુરાવાની હકીકતોથી સાબીત કરવાના હોય છે. દાવાના કામે જયારે આખરી તબકકે પુરાવાનુ મુલ્યાંકન થતુ હોય ત્યારે જે દસ્તાવેજોને આંક પાડવામાં આવેલા નથી તે દસ્તાવેજોને વંચાણે લઈ શકાય નહી કે તેની ચર્ચા કે તેનુ પુરાવાકીય મુલ્યાંકન કરી શકાય નહી. તેવુ અત્રેની કોર્ટનુ નમ્ર પણે અભિપ્રાય થાય છે. આ કામે પક્ષકારોએ કેસ સાબીત કરવા માટે જે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેની ચર્ચા અને પુરાવાનુ મુલ્યાકન હવે પછી મુદ્દાના કારણોમાં કરેલ છે. વાદીઓ કે પ્રતિવાદીઓ એવુ ઈચ્છતા હોય કે, નામદાર કોર્ટ તેમની તરફેણમાં હુકમ ફરમાવે તો તેમને તેમના કથન મૌખિક પુરાવાથી કે દસ્તાવેજી પુરાવાથી પોતાનો કેસ કે હકીકત સાબીત કરવા અનિવાર્ય રહે છે અને તેમના કથનો, દસ્તાવેજો બાબતે કોર્ટને સંતોષકારક રીતે સંમત કરવા જરૂરી બની રહે છે. હવે પછી મુદદાના કારણોની વિગતવાર ચર્ચા રેકર્ડ પર પડેલા પુરાવાને ધ્યાને લઈને નીચે મુજબ કરવામાં આવેલ છે.

==================================================================

================================================================

(૮) આ કામે પુરાવાની ચર્ચા કરતા પહેલા સૌપ્રથમ અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે, દીવાની પ્રકારના કેસોની કાર્યરીતીમાં ગુણદોષ પર કેસનો નિર્ણય **"પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી"** ના સિધ્ધાંતને કેન્દ્ર સ્થાને રાખીને આપવાનો રહેતો હોય છે. તેમજ બીજી તરફ જયારે વાદી દાવો લઈને આવેલા હોય તો ચોખ્ખા હાથે આવેલા હોવા જોઈએ અને શુધ્ધ ઈરાદા સાથે આવેલા હોવા જોઈએ, તેને દાવા અરજીમાં જણાવેલ હકકતોને સાબીત કરવાની રહેતી હોય છે. જો તે વાદી તેની હકીકત સાબીત કરવામાં નિષ્ફળ જાય તો તેનો દાવો ટકાવાને પાત્ર રહે નહી, જેવુ વાદી દાવામાં હકીકત સાબીત કરે, તો, તેને ખંડન કરવાનો બોજો પ્રતિવાદી પર જાય છે. અને જો પ્રતિવાદી સાબીત ના કરી શકે કે નિષ્ફળ જાય તો તો વાદી મહદઅંશે વાદી દાવામાં સફળ થાય છે. ટુંકમાં જે પક્ષકાર કે જે દાવાની હકીકતો કે બચાવની હકીકતો સાબીત કરવામાં સફળ થાય તેની તરફેણમાં ચુકાદો જાહેર થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલનો દિવાની કેસ પ્રથમ તા. ૧૬/૦૪/૧૯ ના રોજ અત્રેની કોર્ટમાં દાખલ થયેલ હતો. જેને **આશરે ૭ વર્ષ જુનો છે**. જેથી **નામદાર સુપ્રિમ કોર્ટના તથા ગુજરાત હાઈકોર્ટના દિશાનિર્દેશો મુજબ** કેસનો ગુણદોષ પર નિર્ણય કરવા માટે **અગ્રીમતા** આપવામાં આવેલ છે.

(૯) મુદદા નંબર ૧ અન્વયેના કારણો:-

(૯.૧) આ મુદ્દો નામદાર કોર્ટ દવારા ઘડવામાં આવેલ તેનો સાબીતીનો બોજો નાખવામાં આવેલો છે કે **(૧) શુ વાદી એ પુરવાર કરે છે કે તેઓ દાવાવાળીમીલકત મોજે હમીરપર મોટીના સર્વે નં.૧૪૧/પૈકી ૨ વાળી તેઓની કાયદેસરની માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે ? (૨) શુ વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદી નં.૧**

================================================================

**નાએ તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ વાદીઓના નામનું ખોટું પાવર ઓફ એટર્ની બનાવડાવી પ્રતિવાદી નં.ર નાઓને સદર ખોટુ પાવર ઓફ એટર્નીના આધારે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૨૦૩૨/૩૧–૦૮–૨૦૧૮ વાળા કરેલ જે બોટસ અને ગેરકાયદેસર હોવાથી રદબાતલ છે ? (૪) શુ પ્રતિવાદી નં.૦૧ એ સાબીત કરે છે કે, વાદીઓએ તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ પાવર ઓફ એટર્ની તેઓની તરફેણમાં કરી આપેલ ?** આ મુદદાની હકીકતો તથા દસ્તાવેજી પુરાવા એક સાથે સંકળાયેલા હોવાથી તે બન્ને મુદાની ચર્ચાનુ પુનરાવર્તન કરવુ ના પડે અને ચર્ચા બેવડાઈ નહી, તેવા શુભ આશયથી બન્ને મુદદાની ચર્ચા /મુલ્યાંકન એક સાથે હવે પછી વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૯.ર) હાલના મુદદાને સાબીત કરવાનો બોજો વાદી પર મુકવામાં આવેલો છે અને તેને સાબીત કરવા માટે વાદીએ રેકર્ડ પર જે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરેલ છે અને જે હકીકતો રેકર્ડ પર લાવેલા છે તેની ચર્ચા વિસ્તારપુર્વક કરીએ તો, અંહી વાદી દાવો અન્ય વાદીઓના પ્રતિનીધી સ્વરૂપે લાવેલા છે. જેથી તે અંગે દીવાની કાર્યરીતી સંહિતાની હુકમ ૧ અને નીયમ ૧૨ મુજબ અન્ય વાદી પક્ષકારોએ વાદી નંબર ૪ ને અધિકૃત કરેલ હોય તેવો દસ્તાવેજ અસલ ખાસ મુખત્યારનામુ રજુ કરેલ છે. જે આ કામે આંક ૨૬ થી રજુ છે. જેને પડકારવામાં આવેલ નથી. તેમજ તેના વિરુધ્ધનો કોઈ પુરાવો રેકર્ડ પર પ્રતિવાદી લાવવામાં સફળ થયેલા નથી અને તેવી તકરાર પ્રતિવાદી ની ટકવાને પાત્ર રહેતી નથી. જેથી તે અંગેની તકરારનો નિર્ણય થઈ જાય છે. વધુમાં ચર્ચા કરવાની થાય છે કે,

આંક ૧ ની વાદીની દાવાઅરજીમાં જણાવેલ છે કે,

==================================================================

*"દાવાવાળું ખેતર મુળ હમીરપર (મોટી)ના કાનજી લાધા ચૌધરી (વાદી નં.૧ થી ૫ ના પિતા) ની માલિકીનું હતું. પરંતુ, તેમણે પોતાની તમામ ખેતીની જમીનોની તેમની હયાતીમાં તેમના વારસદારોને કૌટુંબિક વહેંચણી સને ૨૦૧૧ માં કરતાં, દાવાવાળું ખેતર હક્કપત્રક નોંધ નં. ૨૮૧૮ થી વાદીઓના ભાગમાં આવલું છે. સદર નોંધ નં. ૨૮૧૮ ની ખરી નકલ દાવા અરજી સાથે રજુ છે. આમ, ત્યારથી દાવાવાળા ખેતરના કબજેદાર/માલિક વાદી નં. ૧ થી ૫ વાળી થયેલ છે તથા ત્યારથી દાવાવાળું ખેતર સતત, અવિરત, અખંડ, અભંગ ખેડતા વાવતા આવે છે."*

જેને સમર્થન આપવા માટે આ કામે વાદીએ આંક ૨૭ થી નોંધ નંબર ૨૮૧૮ રજુ કરેલ છે. જે તા. ૦૫/૦૮/૧૧ ના રોજ પ્રમાણીત/મંજુર થયેલ છે. આંક ૨૭ વાળી નોંધ વંચાણે લેતા તેમાં વાદીઓના નામે રેવન્યુ સર્વે નંબર ૧૪૧/૨ વાળી જમીન ૦૬-૫૭-૬૨ હે.આ.મી. આવેલ છે. તથા વાદીઓના ભાઈ નરસંગભાઈના નામે રેવન્યુ સર્વે નંબર ૭૦૪/૩, ૭૦૦/૨, ૭૫૮/૨ વાળી જમીન મળેલ છે. જયારે કાનજી લાધાભાઈના બીજા દીકરા પરબતભાઈ કાનજીભાઈના નામે રેવન્યુ સર્વે નંબર ૮, ૫૭/૧, ૫૭/૨ વાળી મિલ્કત આવેલ છે. અંહી પ્રતિવાદીએ તે નોંધને પડકારેલ નથી તે હકકીત બહુ અગત્યની અને નોંધ લેવા જેવી હકીકત છે. જયારે વાદીના મૌખિક પુરાવાની ચર્ચા કરીએ તો, આંક ૨૫ થી વાદી નંબર ૪ હરબાઈ વા.ઓ. જયેશભાઈ નારણભાઈ વાવીયાને તપાસવામાં આવેલા છે. તેઓ પણ આ કૌટુંબીક કરારને સમર્થનમાં જુબાની આપેલ છે. હવે જયારે જયારે કબ્જા અંગે પ્રતિવાદી અંગે ચર્ચા કરીએ તો વાદી અને પ્રતિવાદી બન્ને દાવાવાળી જમીન પર તેઓનો કબ્જો હોવાની હકીકતને વળગી રહેલા છે. આ વાદીની ઉલટતપસામાં દાવાઅરજીની ચતુર્દિશાને સમર્થન મળે છે. કબ્જો વાદીનો હોવાની હકકીતને વળગી રહેલા છે. ખાસ કરીને જયારે બન્ને પક્ષકારો કબજા અંગે દાવો કરતા હોય તો માત્ર બન્નેના મૌખિક પુરાવાને નહી પરંતુ દસ્તાવેજી પુરાવાને ઘ્યાને લેવા જોઈએ.

==================================================================

(૯.૩) અત્રે ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે જે મહેસુલ ભરતા હોય, અને રેવન્યુ રેકર્ડ જેવાકે, ગામ નમુના નં. ૭/૧૨, તથા ખાતાવહી ગામ નમુનો નં. ૮–અ, માં નામ હોય તેના આધારે તેનો કબજો હોય તેવુ પ્રાથમીક તબકકે માનવાનુ રહે છે અને તે પણ જયાં સુધી વિરુધ્ધનુ પુરવાર ન થાય ત્યા સુધી કોર્ટ પણ તેવુ અનુમાન કરી શકે છે. પરંતુ, શરત માત્ર એટલી છે કે, માત્ર મહેસુલ ભરયાની પહોચના આધારે કબજેદાર હોવાનુ અનુમાન થઈ શકે નહી. તેની સાથે અન્ય દસ્તવેજી પુરાવા તથા મૌખિક પુરાવાથી કબ્જા અંગેની હકીકતોને સમર્થન મળતુ હોવુ જોઈએ. પરંતુ આ કામે બન્ને પક્ષમાંથી કોઈ પણ પક્ષકારે મહેસુલ ભર્યાની પહોંચ રજુ કરેલ નથી કે રેકર્ડ પર લાવેલ નથી. જેથી  બાબતે પણ અનુમાન કરવુ શકય નથી.

(૯.૪) તેમજ કબ્જા અંગેની વિસ્તૃત અને મહત્વની ચર્ચા કરીએ તો જો વાદી તેના કથનોને સાચા સાબીત કરવા માટે દાવાની કાર્યવાહી દરમ્યાન કોઈ પણ તબકકે વાદી દાવાવળી જમીનમાં કબ્જો ધરાવે છે તેવુ દાર્શનીક રીતે સાબીત કરવા માટે કોર્ટ કમિશ્નર મારફત દાવાવાળી જગ્યાનુ પંચો અને પક્ષકારો રૂબરૂ પચંનામુ કરાવવા માટે તેમજ નકશો તૈયાર કરાવી શકયા હોત, પરંતુ, તેવી કોઈ અરજી વાદીએ સમગ્ર કાર્યવાહી દરમ્યાન આપેલ નથી. જો દાવાવાળી જગ્યાનો નકશો કે પંચનામુ/પંચકયાસ રેકર્ડ આવી શકેલ હોત તો કોર્ટ તે વંચાણે લઈને દાવાવાળી જમીનની વાસ્તવિક વર્તમાન પરિસ્થીતી અંગે કેટલીક હકીકતો માની શકેલ હોત. પરંતુ, અંહી એવી કોઈ હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી કે જેનાથી વાદીના કથન સાચા હોય તેવુ કોર્ટ માની શકે. પરંતુ તેવા કોઈ નકશા કે પંચનામાની ગેરહાજરીમાં, મહેસુલ ભર્યાની પહોંચોની ગેરહાજરીમાં, અન્ય સાહેદોની મૌખિક જુબાનીની ગેરહાજરીમાં વાદીની હકીકત સાચી હોવાનુ માની શકયા

નહી. તે હકકીત રેકર્ડ પર નહી લાવી તે વાદી પક્ષ તરફે ચોકકસ પણે ગફલત/ક્ષતિ માની શકાય. જો વાદી એમ ઈચ્છતા હોય કે નામદાર કોર્ટ તેની કથનો માને તો તેમને પણ કોર્ટ કમિશ્નર મારફત આવી અરજી આપીને દાવાવાળી જગ્યાનુ પંચનામુ તથા નકશો તૈયાર કરાવી શકયા હોત. પરંતુ તેમ કરવામાં પણ વાદી નિષ્ફળ ગયેલ છે.

(૯.૫) આ વાદગ્રસ્ત જમીન/ મિલ્કત અંગે રેવન્યુ રેકર્ડના પ્રકરણો ભુતકાળમાં થયેલા છે. તે અંગે ચર્ચા કરીએ  તો એ હકીકત રેકર્ડ પર આવેલ છે કે તે **નોંધ નં. ૧૮૨૮ સામે કોઈ અંગે જવાબમાં તકરાર લીધેલ છે પરંતુ તેને પડકારવામાં આવેલ નથી કે નોંધ રદ કરાવવા માટે પ્રતિવાદી દવારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.** જયારે આ કામે પ્રતિવાદી નંબર ૧ દવારા ખોટા સંમતિ પત્ર તૈયાર વાદીઓના નામના કરાવી અને તમેનો હક કહી કરાવવા માટે અને પ્રતિવાદી નંબર ૧ નો હક કમી કરાવવા માટે રેવન્યુ કચેરીમાં રજુ કરીને પોતાનો એક માત્ર હક હોવાની **નોંધ નંબર ૩૮૧૦** પડાવેલ હતી. જયારે તે નોંધની જાણ થતા તેની સામે વાદીઓએ તકરાર ઉઠાવતા આર.ટી.એસ. અપીલ નંબર ૨૩૭/૧૬ થી દાખલ કરવામાં આવેલ જે તા. ૧૩/૦૭/૧૮ ના રોજ નામંજુર કરવામાં આવતા વાદીએ તેના હુકમની સામે આર.ટી.એસ. રીવીઝન નંબર ૫૯૬/૧૮ થી રીવીઝન દાખલ કરેલ હતી. જેની સુનાવણી થતા વાદીની રીવીઝન અરજી મંજુર કરતા નોંધ ૩૮૧૦ રદ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો જેથી તે હુકમના આધારે વાદીઓના નામ ફરી પાછા રેવન્યુ રેકર્ડમાં કલેકટરશ્રીના હુકમ અધારે નોંધ નંબર ૪૮૩૯ ના આધારે વાદીઓના નામ ફરી રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ જે આજ દીન સુધી રેકર્ડ પર છે. જે હુકમની સામે પ્રતિવાદી ઓએ ખાસ જમીન મહેસુલ અધિકારી, અમદાવાદ ખાતે કોઈ રિવિજન દાખલ કરેલ નથી. પરંતુ નોંધ થઈ જવાથી કબ્જો કોર્ટ માની લેવાનો નથી. ખાસ કરીને જયારે બીજી તરફ પક્ષકાર એટલેક પ્રતિવાદી એવુ કહેતા હોય કે વાદીઓએ

================================================================

કુલમુખત્યારનામુ આપેલ હતુ અને તેના આધારે કહેવાનો વાદગ્રસ્ત દસ્તાવેજ નોંધવામાં આવેલ હતો. અંહી એ નોંધ લેવી જરૂરી છે કે રેવન્યુ રેકર્ડની નોંધ ની ટાઈટલ નકકી થઈ જતા નથી અત્રેની કોર્ટને ટાઈટલ કે કબ્જો કોઈ ચોકકસ પક્ષકારનો હોવાનુ ઠરાવવાની સતા રહે છે. જેથી અત્રેની કોર્ટને કબ્જા અંગેનો નિર્ણય માટે રેવન્યુ રાહે જે જે કચેરીમાં પ્રકરણો ચાલેલા છે તે બંધનકર્તા નથી તેવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે.

(૯.૬) અત્રે એ પણ ઉલલેખનીય છે કે વાદી દવારા દાવા સાથે કામચલાઉ મનાઈહુકમની અરજી પણ દાખલ કરવામાં આવેલ હતી જેમાં બન્ને પક્ષે રજુ કરેલા તમામ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈને તથા બન્ને પક્ષના પ્લીડીંગને ગંભીરતાપુર્વક ધ્યાને લઈને, વાદીની કામચલાઉ મનાઈહુકમની અરજી અત્રૈની કોર્ટ દવારા યથાસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવામાં આવેલ હતો. જેના પર બન્નેમાંથી કોઈ પક્ષકારે અપીલ દાખલ કરેલ નથી. જો યથાસ્થીતી જાળવી રાખવામાં આવે તો બન્ને પક્ષકારોને કોઈ સ્વીકાર્ય હોય તેવુ કોર્ટે માનવાનુ રહે છે.

(૯.૭) અંહી હવે મુદાના પરિપ્રેક્ષ્યમાં મહત્વની ચર્ચા કરીએ તો તે છે માલીકી અને કબ્જા અંગે અંહી ઉપર મુજબની ચર્ચાને આધારે કોર્ટે માનેલ છે કે વાદીઓને ભાગે અને પ્રતિવાદીઓના ભાગે તેમના વડીલ કાનજીભાઈ લાધાભાઈ દવારા કૌટુંબીક વહેંચણી કરવામાં આવેલ હતી. જેથી વાદીઓના ભાગે દાવાવાળી જમીન આવેલાનુ કોર્ટ માને છે. પરંતુ કોર્ટ તે હકીકત ત્યાં સુધી માનશે જયા સુધી પ્રતિવાદીના કેસ મુજબ વાદીઓએ કહેવાતુ પાવરનામુ કરી આપેલ. તે બાદ તે જમીન પ્રતિવાદી નંબર ૧ એ પ્રતિવાદી નંબર ૨ ને રજી. વે. દ. નંબર ૨૦૩૨/૧૮ થી તા. ૩૧/૮/૧૮ ના રોજ વેચાણ કરી આપેલ છે. જો કે વાદીએ તેમની સામે વાંધો ઉઠાવેલ

================================================================

==============================================================

છે પરંતુ અને તે દસ્તાવેજ ખોટો હોવાનો દાદ પણ માંગેલ છે. પરંતુ અંહી વાદી તે દસ્તાવેજ શી રીતે ખોટો બનાવવામાં આવેલ છે. તે સાબીત કરી શકયા નથી. શુ તે વેચાણ દસ્તાવેજ વાદીને અંધારામાં રાખીને કરવામાં આવેલ છે? અને જો વાદી તેનો જવાબ હકારમાં આપતા હોય અને ખોટુ પાવરનામુ વાદીઓ પાસેથી કરાવી લીધેલ હોય તેવુ કહેતા હોય તો, વાદીઓએ પ્રતિવાદી નંબર ૧ નાઓને કરી આપેલ કહેવાતુ પાવરનામુ ખોટુ કરી આપેલ છે તેવી કોઈ દાદ માંગેલ નથી. વાદીને દાદ અંગેનુ પ્લીડીંગ અંહી અસ્પષ્ટ જણાઈ આવે છે. જે હકકીત મહત્વની અને નેક લક્ષમાં લેવી જરૂરી છે અંહી વાદી પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં વાદીને અટકાયત કરે કરાવે નહી. તેમજ વેચાણ દસ્તાવેજ ખોટો હોવાની માંગતા હોય તો તે શી રીતે દસ્તાવેજ ખોટો છે તેટલુ તો વાદીએ સાબીત કરવુ જોઈએ. વાદીના દસ્તાવેજ ખોટો અને બનાવટી છે તેમજ ખોટુ પાવરનામુ પ્રતિવાદી નંબર ૧ નાએ તૈયાર કરેલ છે તેવા માત્ર મૌખિક કથનો પુરતા પણ નથી. અને સાબીત થયેલા પણ માની શકાય નહી. અંહી કોર્ટ કેવી રીતે વાદીની વેચાણ દસ્તાવેજ બોગસ કરી આપેલાની દાદ માન્ય રાખી શકે કે જે વેચાણ દસતાવેજ રજુ થયેલ નથી. જે વેચાણ દસ્તાવેજનુ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી ખંડન કરવામાં આવેલ નથી. તેના કોઈ સાહેદને કે સબરજીસ્ટ્રારને તપાસેલા નથી તો તેવા લેખિત દસ્તાવેજી પુરાવા અને મૌખિક કે દસ્તાવેજી પુરાવાના અભાવે / ગેરહાજરીમાં તે ખોટુ થયેલ હોવાનુ કોર્ટ પુરાવાના અભાવે કેવી રીતે માની શકે? તેમજ બીજી તરફ જે કુલ મુખત્યારનામુ રજુ થયેલ નથી. તેને ખોટુ ઠરાવતા સાહેદોને, નોટરી કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાના અભાવે તેવુ પાવરનામુ ખોટુ હોવાનુ કોર્ટ શી રીતે માની શકે અને શી રીતે તેવુ જાહેર કરી શકે? કોઈ દસ્તાવેજી પુરાવાને પડકારતા કે તેને ખોટુ હોવાના કથન કરેલ હોય તો તેવા માત્ર કથનો ખોટો દસ્તાવેજ માની લેવા માટે પુરતા નથી. અંહી એ નોંધ લેવી અનિવાર્ય છે.

==================================================================

(૯.૮) વાદીએ ખરેખર તેનો કબ્જો અને માલીકી સાબીત કરવા માટે પંચનામુ કરાવી શકયા હોત, વાદી તેના કેસના સમર્થનમાં કબ્જા માટે જમીન મહેસુલ ભર્યાની પહોંચ રજુ કરી શકયા હોત, વાદીએ તે વેચાણ દસ્તાવેજ ખોટો છે તેવુ માત્ર ખોટા પાવરનામાના અધારે જયારે જણાવતા હોય તો વાદીઅ તે પાવર આપનાર પૈકી કોઈ પણ વાદીને તપાસી શકેલ હોત, વાદી જે તકરાર લાવેલ છે તે ખોટુ પાવરનામુ કરી આપનાર નોટરીને તપાસી શકયા હોત વાદીએ તેમની દલીલમાં જણાવે છે કે મૌખિક પુરાવો સંખ્યાત્મક નહી પરંતુ ગુણવતા પર આધારિત હોવો જોઈએ. એટલે કે કવોલીટી હોવી જોઈએ નહી કે કવોનટીટી. પરંતુ વાદીએ અંહી માત્ર એક વાદીનો જ મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેવામાં શુ તેનો મૌખિક પુરાવો લેખિત સ્વરૂપના દસ્તાવેજી પુરાવાને ખોટો સાબીત કરવા માટે પુરતો છે? જેનો જવાબ ચોકકસપણે નકારમાં આવે. તેમજ વાદીએ દલીલમાં એવી પણ તકરાર લીધેલ છે કે વાદગ્રસ્ત જે પાવરનામુ પ્રતિવાદી ઓએ કરેલ છે તેમાં વાદીઓના અંગુઠા ઓળખાવવામાં આવેલા નથી. હાલના તબકકે જે તકરાર છે તે ટકવાને પાત્ર નથી. જો તે ખોટી રીતે લીધેલા હોય કે વાદીના ના હોય તો વાદીના વકીલ તે નોટરીને તપાસી શકયા હોત. અને બીજી તરફ જયારે દસ્તાવેજ નોટરી થઈ ગયેલ હોય તો તેવા સમયે એક ગેઝેટેડ ઓફીસરની રૂબરૂમાં થયેલ દસ્તાવેજ માત્ર મૌખિક કથનના અધારે ખોટો કોર્ટ માની શકે નહી. તો બીજી તરફ પ્રતિવાદી એવી તકરાર લઈને આવેલા છે કે વાદીનો કેસ જો સાચો હોત તો વાદીએ તેમના પિતા કાનજીભાઈ લાધાભાઈ ચૌધરીને તપાસી શકયા હોત તેમજ જુબાની રેકર્ડ પર લાવી શકયા હોત. જો તેની જુબાની રેકર્ડ પર આવી જાત તો ખરેખર આવો દસ્તાવેજ વાદીઓએ આપેલા પાવરનામાના આધારે જ કરવામાં આવેલ છે તેવુ સાબીત થઈ જાય તે હકીકતને વાદી જાણી જોઈને રેકર્ડ પર લાવેલ નથી. અંહી વાદી તરફે મોટી ખામી ગણાય તેવુ પ્રતિવાદી ના વકીલે દલીલમાં જણાવેલ છે. તેમજ વધુમાં પ્રતિવાદી તેમની

==================================================================

==================================================================

દલીલમાં જણાવે છે કે વાદીએ કોઈ પણ બહેનને તપાસેલ નથી.  જે પણ કોઈ ચોકકસ દીશામાં વિચારવા માટે પ્રેરે છે. બીજી પ્રતિવાદી ના વકીલે એ હકીકત પર ધ્યાન દોરેલ છે કે વાદીઓએ જે ફોજદારી ફરીયાદો કરેલ છે તેનાથી અમો કસુરવાર છે તેવુ માની શકાય નહી. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ જયા સુધી અમોની સામેનો કેસ સાબીત ના થાય ત્યાં સુધી પ્રતિવાદીઓ નિર્દોષ છે. તેવુ માનવાનુ રહે છે. તેમજ જો વાદી સાચા હોત અને અમો પ્રતિવાદી ઓએ ખોટી રીતે તેમની સહી કરાવેલ હોત કે ખોટા વ્યકિતની સહી કરાવેલ હોત તો વાદી તે દસ્તાવેજો રજુ કરાવીને એફ.એસ.એલ. માં તપાસ અને સાચા હોવા અંગે મોકલી શકયા હોત પરંતુ અંહી વાદી તેમ કરવામાં પણ સફળ થયેલા નથી. પ્રતિવાદી તેમની દલીલમાં જણાવે છે કે કહેવાતા પાવરનામા બાબતે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો વાદીએ આપેલ નથી તો તેવી પરિસ્થીતીમાં કોર્ટ કેવી રીતે તે પાવરનામુ ખોટુ થયેલ છે તેમ માની શકે?  પ્રતિવાદી ની જે હકીકત લક્ષમા લેવા યોગ્ય છે.વાદીએ કહેવાનો વેચાણ દસ્તાવેજ રજુ કરાવવા માટે કોઈ અરજી કોર્ટમાં આપેલ નથી. તેમજ સબરજીસ્ટ્રાર પાસેથી પણ દસ્તાવેજની જેન્યુનનેસ બાબતે ખરાઈ કરાવી શકયા હોત પરંતુ તેમ પણ વાદીએ કરેલ નથી. તેમજ પ્રતિવાદી નંબર ૨ પાસેથી વાદી તેને તપાસીને દસ્તાવેજ રજુ કરાવી શકયા હોત તે મુજબ વર્તન વાદીએ કરેલ નથી. વાદી જે ખોટા સંમતિપત્ર કરાવી લીધેલા હોવાનુ જણાવે છે તો વાદી એ બાબતે મામલતદારને તપાસીને તે અરજીને સંલગ્ન કાગળો રજુ કરાવી શકયા હોત, તેમ પણ વાદી વર્તેલ નથી. આમ વાદીએ પાવરનામુ ખોટુ હોવા અંગે તથા વેચાણ દસ્તાવેજ ખોટા હોવા અંગે એક પણ પુરાવો આપેલ નથી. જેથી લેખિત દસ્તાવેજી પુરાવા હોય અને તે કાનુની પ્રક્રિયાને હાથ ધરીને નોંધણી કરાવવામાં આવેલ હોય ત્યારે ખાસ કરીને વાદીના માત્ર કથનો પર્યાપ્ત નહી હોવાનુ અત્રને કોર્ટનુ નમ્ર પણે માનવાનુ થાય છે.

==================================================================

(૯.૯) આખરમાં આ મુદા પરત્વે એટલી ચર્ચા કરવાને બન્ને પક્ષકારો વચ્ચે જે તકરાર છે તે ખોટુ પાવરનામાના આધારે ખોટો વેચાણ દસ્તાવેજ કરી આપ્યા અંગેનો છે. જેને વાદીએ સાબીત કરવો જોઈએ. મુદા નંબર ૨ અને ૪ ની ચર્ચા કરીએ તો જેમાં મુદા નંબર ૨ ને સાબીત કરવાનો બોજો વાદી પર અને મુદા નંબર ૪ ને સાબીત કરવાનો બોજો પ્રતિવાદી પર મુકવામાં આવેલા છે. હવે આ મુદદા નંબર ૨ અને ૪ બાબતે અગાઉ વાદીના દસ્તાવેજી તથા મૌખિક પુરાવાની ચર્ચા કરેલ છે. હવે જયારે પ્રતિવાદી ના પુરાવાની ચર્ચા કરીએ તો અંહી પ્રતિવાદી એ સાત સાહેદોને તપાસેલા છે. જે તમામા સાહેદો કબ્જો પ્રતિવાદી નો હોવાનુ જણાવે છે. પરંતુ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા નથી. તેમજ સાહેદોએ પણ તેમના ખેતરના રેવન્યુ રેકર્ડના ઉતારા રજુ કરેલા નથી.

(૯.૧૦) બીજી તરફ આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો, આંક ૪૦ થી નોંધ નંબર ૪૦ રજુ થયેલ છે. જેમાં ઈનામી ધારા હેઠળ વાદીઓના પિતા કાનજીભાઈ લાધાભાઈને જમીન મળેલ હોવાનુ જણાઈ આવે છે. જે કોર્ટ તકરાર નહી હોવાને કારણે માને છે. બીજી તરફ આંક ૪૧ થી નોંધ નંબર ૨૮૧૮ પડેલ છે જે કૌટુંબીક સમજુતીથી જમીનની વહેંચણી ગયેલ તે દર્શાવે છે. જે નોંધ પડકાર્યા વગરની રહેલ હોય જેથી તે નોંધ કોર્ટ માને છે. આંક ૪૨ થી ૪૭ ની નોંધો જે રેવન્યુ પ્રકરણો થયેલા તે અંગેની છે જેની ચર્ચા અગાઉ કરવામાં આવેલ હોવાથી ફરીવાર અંહી ચર્ચા કરવામાં આવતી નથી. આંક ૪૮ થી ૫૦ માં વાદીઓના નામો જે રેવન્યુ પ્રકરણના અધારે ચડેલા છે તે અંગે ના ગામનમુના ૭/૧૨ તથા ૮ – અ રજુ કરેલા છે. જે વંચાણે લેતા તેમાં ગામનમુના નંબર ૧૨ માં પાકની વિગતો લખેલ નથી. તેવામાં અંહી

==============================================================

પ્રતિવાદી ની રજુઆત યાદ આવે છે કે વાદીઓ મુબઈ મુકામે રહે છે. કહેવાનુ પાવરનામુ પણ મુબઈ મુકામે કરવામાં આવેલ છે. તો તેવામાં વાદી શી રીતે દાવાવાળી જમીનનો કબ્જો ઘરાવતા હોય અને ખેડ ખાતર કરતા હોય. જે પણ રજુઆત લક્ષમાં લેવા યોગ્ય છે. તેમજ આંક ૮૧ થી ૮૪ જે દસ્તાવેજો ટીપ્પણ અને ડીઆઈએલઆરનો નકશો રજુ કરેલ છે. જે વર્ષો પહેલાની સ્થિતી દર્શાવે છે. જયારે તકરાર હાલના સમયની હોય અને તેમાં પણપક્ષકારોના વારસદારો દવારા હાલનો દાવાો દાખલ કરવામાં આવેલ હોય. તેમજ બીજી તરફ નકશામાં ખરેખર દીશા જ દર્શાવવામાં આવેલ નથી. તેવામાં કઈ દીશા ઉતર, દક્ષિણ, પુર્વ, પશ્ચિમ છે તે માની શકાય તેમ નથી. ઉપરાંત જે બીજા સાહેદોને મૌખિક પુરાવો રજુ કરેલ છે તેમાં પણ તેઓએ તેમના કબ્જાના સર્વે નંબર વાળી જમીનના ઉતારા રજુ કરેલા નથી. જેથી તેના આધારે પણ નકશાની સ્થીતીને વૈચારીક રીતે મનમાં બેસાડી શકયા તેમ નહી.

(૯.૧૧) વધુમાં પ્રતિવાદી **હરેશ નશાભાઈ ચૌધરીની** જુબાની **આંક ૩૯ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **નશાભાઈ કાનજીભાઈ ચૌધરી ની** જુબાની **આંક ૫૩ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **જોધાભાઈ રાયમલભાઈ ભરવાડની** જુબાની **આંક ૬૨ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **દીક્ષિતચંદ્ર જગદીશચંદ્ર વ્યાસની** જુબાની **આંક ૬૫ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **રૂપાભાઈ નાથાભાઈ મોરની** જુબાની **આંક ૭૪ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **હીરાભાઈ હરજીભાઈ ચૌધરીની** જુબાની **આંક ૮૫ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **આંઘાભાઈ રવાભાઈ મોરની** જુબાની **આંક ૯૩ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. પ્રતિવાદીના સાહેદ **વિરલબેન**

==============================================================

====================================================================

**તુલસીભાઈ સીસોદીયાની** જુબાની **આંક ૯૫ થી** સોગંદ પર જુબાની નોંધવામાં આવેલ છે. તેમાં તેઓ તમામએ કબ્જા અંગે પ્રતિવાદીઓનો હોવાનુ જણાવેલ છે. વાદી કયારેય દાવાવાળી જમીન ખેડતા નહી કે તેમના કબ્જામાં નહી હોવાનુ જણાવે છે. ઉલટતપાસમાં પણ તે હકીકતોને વળગી રહેલા છે. જો કે તેમાના કેટલાક સાહેદોને દાવાવાળી જમીનના સર્વે નંબર પણ ખબર નથી. તેમજ તેઓએ તેમની પોતાની જમીન દાવાવાળી જમીનની બાજુમા આવેલ હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. જેથી તેઓની જુબાની પણ વધુ આધાર રાખી શકાય નહી. તેવુ અત્રેની કોર્ટનુ માનવાનુ રહે છે. તેમજ કેટલાક સાહેદોએ નશા કાનજીના કહેવાથી જુબાની આપવા આવેલ છો અને તમેની સાથે આવેલ હોવાની હકીકત કબુલેલ છે. આમ જયારે વાદીનો કેસ જ દસ્તાવેજી પુરાવાને સાબીત કે ના સાબીત કરવા પર ટકેલો હોય ત્યારે મૌખિક પુરાવો ગૌણ બની જાય છે. અને જે મુજબ વાદી પર જે મુદા સાબીત કરવાનો બોજો નાખવામાં આવેલ હતો તેને સાબીત કરવામાં સફળ થયેલા નથી. જયારે પ્રતિવાદીને મુદા નંબર ૪ ને સાબીત કરવાનો બોજો પણ વાદીના સાબીત કરવાના મુદા પર ટકેલો હતો જેમાં વાદી સફળ થયેલા ના હોવાથી બીજી તરફ પ્રતિવાદી નો કેસ સત્યની વધુ નજીક હોવાનુ માનવાનુ થાય છે. પ્રતિવાદી નો કબ્જો હોવાનુ અત્રેની કોર્ટ માને છે. જો કે અંહી પ્રતિવાદી એ સાબીત કરવાનો મુદા નંબર ૪ ને સમર્થનકારક પુરાવો આપેલ નથી. પરંતુ જયા સુધી તેવો દસ્તાવેજ ગેરલાયક ઠરે નહી કે વાદી સાબીત કરી શકે નહી ત્યા સુધી તેને સાચો માનવાનો રહે તેવુ અત્રેની કોર્ટનુ માનવાનુ રહે છે. જેમાં વાદી સદંતર નિષ્ફળ ગયેલ છે. અંહી ફરીવાર એ નોંધવુ જરૂરી બની જાય છે કે વાદીએ ખરેખર જે દસ્તાવેજ રદ કરાવવા માટે દાદ માંગેલ છે તે દસ્તાવેજ જેના આધારે નોંધવામાં આવેલ છે તેવા પાવરનામાને ખોટા ઠરાવી આપવાની પણ કોઈ દાદ માંગેલ નથી. જે હકીકત લક્ષમાં લેવી જરૂરી બની જાય છે.

====================================================================

(૯.૧૨) સદર કામે વાદી તરફે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ જોવામાં આવે તો...

**<u>કલમ–૧૦૧</u>, <u>સાબીતીનો બોજો</u>:–** *જે કોઈ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોનો અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનુ અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય તે વ્યકિત પર સાબીતીનો બોજો છે.*

ઉપરોકત કાયદાકીય હકીકત ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે જે પક્ષકાર જે હકીકતના અસ્તિત્વનું પ્રતિપાદન કરતી હોય તે પક્ષકારે તે હકીકતનું અસ્તિત્વ સાબીત કરવાનું રહે છે. આમ વાદી જે હકીકતનું પ્રતિપાદન કરતા હોય તે હકીકતનું અસ્તિત્વ સાબીત કરવાની જવાબદારી વાદીની છે અને પ્રતિવાદી જે હકીકતનું પ્રતિપાદન કરતા હોય તે હકીકતનું અસ્તિત્વ સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીની રહે છે. વધુમાં જયારે વાદી પોતાનો હાલનો દાવો લઈને આવેલ છે ત્યારે પુરાવાનો નિયમ છે કે, વાદીએ શ્રેષ્ડ પુરાવો રજુ કરવો જોઈએ. જયારે કોઈ બાબત લેખીત સ્વરૂપમાં હોય ત્યારે તે લખાણ શ્રેષ્ઠ પુરાવો ગણાય. આ સિધ્ધાંતની વિશિષ્ટતા એ છે કે લેખિત સ્વરૂપની હકીકતમાં તે લખાણ માત્ર ગ્રાહય શ્રેષ્ઠ પુરાવો જ નથી પરંતુ તે લખાણ એક માત્ર ગ્રાહય પુરાવો છે. એક બાબત જયારે લેખીત સ્વરૂપમાં

હોય ત્યારે તે લખાણના એક વિકલ્પ તરીકે મૌખીક પુરાવો આપી શકાય નહી. વધુમાં લેખકો વુડરોફ તથા અમીર અલી નોંધે છે કે,

**CULCATTA HIGH COURT**

**Case law: kashi nath chaterjee vs chandi chran banerjee**

It is likewise a general and most inflexible rule that wherever written instruments are appointed, either by the requirements of the law, or by the compact of parties, to be repositories and memorials of truth, any other evidence is excluded from being used either as a substitute for such instruments, or to contradict or alter them. This is a matter both of principle and policy; of principle, because such instruments are in their nature and origin entitled to much higher degree of credit than parole evidence: of policy, because it would be attended with great mischief, if those instrument upon which men's rights depended were liable to be impeached by loose collateral evidence.

આમ જે દસ્તાવેજ લેખીત સ્વરૂપમાં હોય તે લેખીત સ્વરૂપે જ યથાવત પુરવાર થાય તે ઉત્તમ પુરાવો ગણાય.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટે ***Sebastiao Luis Fernandes (Dead) By ... vs K.V.P. Shastri & Ors on 10***

==================================================================

***December, 2013, AIRONLINE 2013 SC 579, 2014(1) GLH 344,*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે.....

(A) As per Evidence Act- 1872 SEC-101 and 102 Burden of proof lied on the person who desires the court give judgment on legal right or law and who would otherwise fail if no evidence is given. Plaintiff did not produce any document to prove his title and defendants have denied title of the plaintiff then burden of proof lies on the plaintiff.

(B) Suit for possession and declaration onus of proof and burden of proof was upon the plaintiff to furnish proof of ownership and possession of the suit property and thereby discharge his burden of proof.

આમ ઉપરોકત કાયદાકીય તથા ઉચ્ચસ્તરીય ન્યાયીક નિર્ણયમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે વાદી જે હકીકતના આધારે દાવો લઈને આવેલ હોય તે હકીકત વાદીએ હકારાત્મક રીતે પુરવાર કરવાની રહે છે તેમજ તે હકીકતનું અસ્તિત્વ આધાર પુરાવા સાથે પુરવાર કરવાની જવાબદારી વાદીની છે.

(૯.૧૩) વાદી જે હકીકતોનુ પ્રતિપાદન કરે છે તે હકીકતોનો અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો

આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનુ અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલ હોય ત્યારે એમ કહેવાય તે વ્યકિત પર સાબીતીનો બોજો છે. વધુમાં જયારે વાદી પોતાનો હાલનો દાવો લઈને આવેલ છે ત્યારે પુરાવાનો નિયમ છે કે, વાદીએ શ્રેષ્ઠ પુરાવો રજુ કરવો જોઈએ. જયારે કોઈ બાબત લેખીત સ્વરૂપમાં હોય ત્યારે તે લખાણ શ્રેષ્ઠ પુરાવો ગણાય. આ સિધ્ધાંતની વિશિષ્ટતા એ છે કે લેખિત સ્વરૂપની હકીકતમાં તે લખાણ માત્ર ગ્રાહય શ્રેષ્ઠ પુરાવો જ નથી પરંતુ તે લખાણ એક માત્ર ગ્રાહય પુરાવો છે. એક બાબત જયારે લેખીત સ્વરૂપમાં હોય ત્યારે તે લખાણના એક વિકલ્પ તરીકે મૌખીક પુરાવો આપી શકાય નહી. આમ, આટલી હકીકતો પરથી અત્રેની કોર્ટ આ મુદા પરત્વે જે તારણ પર આવે છે જેનો જવાબ નીચે મુજબ છે.

(૯.૧૪) આમ **<u>વાદી</u>** હાલના મુદાને સાબીત કરવામાં **<u>નિષ્ફળ</u>** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે. આમ **<u>મુદા નંબર – ૧</u>** અંગેનો જવાબ **<u>નકારમાં</u>** ઠરાવવામાં આવે છે. જયારે **<u>વાદી</u>** હાલના મુદાને સાબીત કરવામાં **<u>નિષ્ફળ</u>** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે. આમ **<u>મુદા નંબર – ૨</u>** અંગેનો જવાબ **<u>નકારમાં</u>** ઠરાવવામાં આવે છે. જયારે **<u>પ્રતિવાદી</u>** હાલના મુદાને સાબીત કરવામાં **<u>સફળ</u>** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે. આમ **<u>મુદા નંબર – ૪</u>** અંગેનો જવાબ **<u>હકારમાં</u>** ઠરાવવામાં આવે છે.

**(૧૦) <u>મુદદા નંબર ૩ અન્વયેના કારણો:–</u>**

(૧૦.૧) આ મુદ્દો નામદાર કોર્ટ દવારા ઘડવામાં આવેલ તેનો સાબીતીનો બોજો નાખવામાં આવેલો છે કે **(૩) શુ વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી દાવાવાળી મીલકતમાં**

==========================================================

**વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં અડચણ અટકાયત કરી રહયા છે ?** આ મુદદા પુરતી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા /મુલ્યાંકન હવે પછી વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૦.૨) હાલના મુદદાને સાબીત કરવાનો બોજો વાદી પર મુકવામાં આવેલો છે અને તેને સાબીત કરવા માટે વાદીએ રેકર્ડ પર જે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરેલ છે અને જે હકીકતો રેકર્ડ પર લાવેલા છે તેની ચર્ચા વિસ્તારપુર્વક કરીએ તો, મુદા નંબર ૧ કે જેમાં વાદી દાવાવાળી મિલ્કત પર માલીકી અને કબ્જો ધરાવે છે કે કેમ તેને સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા હોવાનુ કોર્ટ માનેલ હોય તેમજ મુદા નંબર ૨ મુજબ ખોટા પાવરનામાના આધારે ખોટો વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ હોય તે સાબીત કરવામાં વાદી નિષ્ફળ ગયેલાનુ કોર્ટે માનેલ હોય તેમજ જયારે પ્રતિવાદી મુદા નબર ૪ ને સાબીત કરવામાં સફળ ગયેલા હોવાનુ કોર્ટે માનેલ હોય તો તેવામાં અત્રેની કોર્ટે ઉપર મુજબ જયારે દાવાવાળી જમીનમાં વાદીનો નહી પરંતુ પ્રતિવાદી નો કબ્જો માનેલ હોય તો તેવામાં આ મુદાનો જવાબ સીધી અને સરળ બની જાય છે. આ મુદાને સાબીત કરવા માટે પ્રતિવાદી કેવી રીતે વાદીના કબ્જામાં અટકાયત કે અંતરાય કરે છે તેવુ સાબીત કરવામાં સફળ થયેલ નથી. માત્ર કથન કરવાની હકીકત કોર્ટે માની લેવાની નથી. તેને સાબીત પક્ષકારે કરવી જોઈએ. અને ભારતીય પુરાવા અધિનીમયની કલમ ૧૦૧, ૧૦૨, ૧૦૩ પણ તેમજ કહે છે. જેથી આ મુદાની ચર્ચા વધુ કરવાની રહેતી નથી. આમ, આટલી હકીકતો પરથી અત્રેની કોર્ટ આ મુદા પરત્વે જે તારણ પર આવે છે જેનો જવાબ નીચે મુજબ છે.

==========================================================

==================================================================

(૧૦.૩) આમ **વાદી** હાલના મુદાને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે. આમ **મુદા નંબર – ૩** અંગેનો જવાબ **નકારમાં** ઠરાવવામાં આવે છે.

**(૧૧) મુદદા નંબર ૫ અન્વયેના કારણો:–**

(૧૧.૧) આ મુદ્દો નામદાર કોર્ટ દવારા ઘડવામાં આવેલ તેનો સાબીતીનો બોજો નાખવામાં આવેલો છે કે **(૫) શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?** આ મુદદા પુરતી મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની તથા કાનુની મુદાઓની ચર્ચા /મુલ્યાંકન હવે પછી વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૧.૨) હાલના મુદદાને સાબીત કરવા માટે વાદીએ રેકર્ડ પર જે દસ્તાવેજી અને મૌખિક પુરાવો રજુ કરેલ છે અને જે હકીકતો રેકર્ડ પર લાવેલા છે તેની ચર્ચા વિસ્તારપુર્વક કરીએ, તેમની સાથે સાથે આ મુદાને સાબીત કરવા માટે વાદી પ્રતિવાદીઓના બોજા ઉપરાંત નામદાર કોર્ટની પણ ફરજ રહે છે કે વાદીનો દાવો કાયદેસરનો છે કે કેમ? વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ? વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે કે કેમ? વાદીએ દાવામાં મહત્વની હકીકતોને છુપાવીને દાવો કરેલ છે કે કેમ? વાદીએ દાવામાં યોગ્ય કોર્ટ ફી ભરેલ છે કે કેમ? કાયદાની જોગવાઈઓથી સુસંગત છે કે કેમ? વાદીની દાદ કાયદેસરની છે કે કેમ? વાદીએ માંગેલ દાદ ખરેખર તેમને મળવાપાત્ર છે કે કેમ? વગેરે સવાલોના તારણ સાથેના જવાબ કોર્ટ આપવાના હોય છ. તેના આધારે પક્ષકાર દાદ મેળવવા હકદાર બનતા હોય છે. તેવા દરેક પાસાની ચર્ચા વિસ્તારપુર્વક નીચે મુજબ કરવામાં આવેલ છે.

==================================================================

(૧૧.૩) અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે કે કેમ? તે અદાલતે જોવાનુ છે. બીજી તરફ દાવાની સમગ્ર કાર્યવાહી દરમ્યાન પ્રતિવાદીએ કોઈ સમયમર્યાદાની તકરાર લીધેલ છે. સાથે સાથે દાવાનુ કારણ તથા દાવો દાખલ કર્યાની તારીખ ૧૬/૦૪/૧૯ ધ્યાનમાં લેવામાં આવે અને સાથે સાથે જે દસ્તાવેજ રદ કરવા માટે દાદ માંગેલ છે તે દસ્તાવેજ તા. ૩૧/૦૮/૧૮ ના રોજ રજીસ્ટર થયેલ છે. જે ધ્યાને લેતા વાદી દાવો સમયમર્યાદામાં લાવેલા છે. તેવુ કેસના સંજોગો અને રેકર્ડ પર આવેલ હકીકત ધ્યાને લેતા પણ જેથી વાદીના દાવાને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો ના હોવાની અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૧૧.૪) અત્રે ઉલ્લેખનીય છે કે, **<u>વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝનો બાધ નડે છે કે કેમ? તે અદાલતે જોવાનુ છે.</u>** જયારે બીજી તરફ પ્રતિવાદીએ જવાબમાં એવી તકરાર લીધેલ છે કે વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીસનો બાધ નડે છે. એટલેકે પક્ષકારની ખામીનો બાધ નડે છે. રેકર્ડ જોવામાં આવે તો વાદીએ દાવામાં દાવાવાળી જમીન વાદીઓને તેમના પિતા કાનજીભાઈ લાધાભાઈ પાસેથી સને ૨૦૧૧ માં કૌટુંબીક વહેંચણીના આધારે મળેલ છે. અને તેના આધારે નોંધ નંબર ૨૮૧૮ પાડવામાં આવેલ છે. જેમાં વાદી પાંચ બહેનોની સાથે સાથે પ્રતિવાદી નંબર ૧ ના પિતા નરસંગભાઈને પણ દાવાવળી જમીન આપવામાં આવેલ છે તથા પરબતભાઈને પણ દાવાવાળી જમીન આપવામાં આવેલ છે. તેવી રીતે વહેંચણી કરવામાં આવેલ છે. જો વાદી એવી તકરાર લેતા હોય કે દાવામાં વાદીઓએ પરબતભાઈને તથા કાનજીભાઈ લાધાભાઈના દીકરાને પણ જોડવા જોઈએ તો તેવી તકરાર ટકવાને પાત્ર નથી. કારણકે આ દાવાવાળી જમીન માત્ર વાદી પાંચ બહેનોને ફાળવવામાં આવેલ છે. જે વહેચંણીની નોંધ આજે પણ પડકાર્યા વગરની

==============================================================

અકબંધ અને માન્ય છે. જો તેમાં વાંધો તકરાર પ્રતિવાદી લે તો તેમને ફાળે આવેલ તેમની જમીનની પણ વહેંચણી થયેલ નથી. તેવુ ચોકકસપણે માનવાનુ રહે છે. જેથી અંહી પ્રતિવાદી ની તકરાર મુબજ આ દાવામાં પરબતભાઈ કાનજીભાઈ લાધાભાઈ તથા હરજીભાઈ લાધાભાઈને જોડવા જરૂરી નથી એવુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડે છે કે કેમ? તે અદાલતે જોવાનુ છે. આ દાવામાં વાદીએ દાવામાં હિત ધરાવતા તમામ વ્યકિતઓને પક્ષકાર તરીકે જોડેલા છે. જેથી રેકર્ડ પર આવેલા વારસો અને અન્ય વારસો અંગે કોઈ તકરાર લીધેલ છે તેમા વાદીના દાવાને કોઈ પક્ષકારની ખામીનો બાધ નડતો નથી. એટલેકે વાદીના દાવાને **NON JOINDER OF NECESSARY PARITES**" નો બાધ નડતો નથી. તેવુ સ્પષ્ટપણે અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

**Suppression of Material Facts: When Believe**

(૧૧.૫) અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીએ દાવામાં **Suppression Material of Facts** એટલેકે કોઈ મહત્વની હકીકીતો છુપાવેલ તો નથી? જો એવી હકીકત હોય કે જે નહી જણાવેલ હોય અને તેનાથી દાવાના પક્ષકારોના હિત પર અસર પડે તેમ હોય. કે એવી કોઈ હકીકત કે જેના રેકર્ડ પર આવવાથી કોર્ટને ન્યાય તોલવામાં સરળતા રહે અને તેવી હકીકત વાદીએ છુપાવેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. આમ ઉપર મુજબની હકીકત વાદીએ દાવામાં જાણી જોઈને છુપાવેલ હોવાનુ ચોકકસપણે માની શકાય નહી. જોકે અમુક હકીકત જે રીલેટેડ ના હોય, જે દાવાને સુસંગત ના હોય, તેને જણાવવામાં આવેલ નહી હોવાથી તેને **Suppression of Material Facts** (મહત્વની હકીકતોની છુપાવી) ના કહેવાય. એવી કેટલીક હકીકતો હોય કે જે નહી જણાવવાથી દાવાના પક્ષકારોને કોઈ ફરક પડે નહી. જેથી વાદીએ કોઈ હકીકત છુપાવેલ નથી. તેવુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

==============================================================

(૧૧.૬) પ્રતિવાદી પક્ષે એવો પણ બચાવ લીધેલ છે કે વાદી ચોખખા હાથે આવેલ નથી. ચોખ્ખા ઈરાદે આવેલા નથી. જયારે કોઈ પક્ષકાર ચોખ્ખા હાથે કોર્ટમાં દાદ માંગવા આવે નહી તો તેને દાદ મળી શકે નહી. અંહી વાદીનુ વર્તન, કથન, દસ્તાવેજી પુરાવા, તથા મૌખિક પુરાવા વંચાણે લેતા વાદી ચોખ્ખા હાથે ચોખ્ખા ઈરાદે આવેલાનુ અત્રેની કોર્ટનુ નમ્રપણે માનવાનુ થાય છે.

(૧૧.૭) ઉપરોકત આવેલ પુરાવાની સાથે સ્પેશીફીક રીલીફ એકટ ૧૯૬૩ ની કલમ ૩૪ માં કરવામાં આવેલ જોગવાઈઓને ઘ્યાને લેવામાં આવે તો,

***THE SPECIFIC RELIEF ACT***

***Section 34 : Discretion of court as to declaration of status or right***

*Any person entitled to any legal character, or to any right as to any property, may institute a suit against any person denying, or interested to deny, his title to such character or right, and the court may in its discretion make therein a declaration that he is so entitled, and the plaintiff need not in such suit ask for any further relief:*

***Provided*** *that no court shall make any such declaration where the plaintiff, being able to seek further relief than a mere declaration of title, omits to do so.*

***Explanation:*** *A trustee of property is a "person interested to deny "a title adverse to the title of someone who is not in existence, and for whom, if in existence, he would be a trustee.*

આમ, ઉપરોત સ્પેશીફીક રીલીફ એકટ ની કલમ ૩૪ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા જયારે કોઈ પક્ષકાર પોતાના કાયદેસરના મિલ્કત પરત્વેના હકક અધિકાર બાબતે ઈન્કાર કરનાર વ્યકિત સામે હકક દાવો કરી દાદ ની માંગણી કરી શકે છે. પરતું આ મુદ્દા અંગે નો નિર્ણય કરવા માટે નામદાર સુપ્રીમ કોર્ટ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ને ધ્યાન માં લેવા જરૂરી હોઈ જે અંગે નામદાર સુપ્રીમ કોર્ટ *2008 AIR (SC) PAGE NO : 2033 GF Anathula Sudhakar PETITIONER Versus P. Buchi Reddy (Dead) By LRs & Ors RESPONDENT* ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ને ધ્યાને લેતા નામદાર સુપ્રીમ કોર્ટ ના ચુકાદાના પેરા – ૧૩ ને વંચાણે લેવામાં આવે તો તેમા ઠરાવેલ છે કે,

***13.*** *The general principles as to when a mere suit for permanent injunction will lie, and when it is necessary to file a suit for declaration and/or possession with injunction as a consequential relief, are well settled. We may refer to them briefly.*

***13.1)*** *Where a plaintiff is in lawful or peaceful possession of a property and such possession is interfered or threatened by the defendant, a suit for an injunction simpliciter will lie. A person has a right to protect his possession against any person who does not prove a better title by seeking a prohibitory injunction. But a person in wrongful possession is not entitled to an injunction against the rightful owner.*

***13.2)*** *Where the title of the plaintiff is not disputed, but he is not in possession, his remedy is to file a suit for possession and seek in addition, if necessary, an injunction. A person out of possession, cannot seek the relief of injunction simpliciter, without claiming the relief of possession.*

***13.3) Where the plaintiff is in possession, but his title to the property is in dispute, or under a cloud,*** *or where the defendant asserts title thereto and there is also a threat of dispossession from defendant,* ***the plaintiff will have to sue for declaration of title and the consequential relief of injunction.*** *Where the title of plaintiff is under a cloud or in dispute and he is not in possession or not able to establish possession, necessarily the plaintiff will have to file a suit for declaration, possession and injunction.*

નામદાર સુપ્રીમ કોર્ટ ના ઉપરોત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ને ધ્યાને લેતા સદર કામના વાદીએ તેમના દાવાના કામે માંગેલ દાદ ને ધ્યાને લેતા વાદીએ મનાઈ હુકમ ની માંગણી કરેલ છે. તેમજ ડેકલેરેશન ની કોઈ દાદ વાદી ધ્વારા માંગવામાં આવેલ છે. અને જયારે વાદીના માલીકી હકક અને કબ્જા અંગે જ જયારે તકરાર ઉપસ્થીત થતી હોઈ તેવા સંજોગોમાં વાદીએ તેમની માલીકી હકક તથા કબ્જો પણ પ્રથમ સાબીત કરવો પડે અને માલીકી ની દાદ ની સાથે સાથે મનાઈ હુકમ ની દાદ ની માંગણી કરી શકે છે હાલના દાવાના કામે વાદીએ જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ ની જ માંગણી કરેલ છે  આમ ઉપર મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાની વિસ્તૃત ચર્ચા કર્યા બાદ આ કામે વાદીએ કાયમી મનાઈ હુકમ ની માંગણી કરેલ હોઈ ત્યારે સદર કામે સ્પેશીફીક રીલીફ એકટ ની કલમ ૩૮ માં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લેતા,

***<u>THE SPECIFIC RELIEF ACT</u>***

***Section 38 : Perpetual injunction when granted***

***(1)*** *Subject to the other provisions contained in or referred to by this Chapter, a perpetual injunction may be granted to the plaintiff to prevent the breach of an obligation existing in his favour, whether expressly or by implication.*

==============================================================

***(2)*** *When any such obligation arises from contract, the court shall be guided by the rules and provisions contained in Chapter II.*

***(3)*** *When the defendant invades or threatens to invade the plaintiff's right to, or enjoyment of, property, the court may grant a perpetual injunction in the following cases, namely,**(a)** where the defendant is trustee of the property for the plaintiff;*

***(b)*** *where there exists no standard for ascertaining the actual damage caused, or likely to be caused, by the invasion;*

***(c)*** *where the invasion is such that compensation in money would not afford adequate relief;*

***(d)*** *where the injunction is necessary to prevent a multiplicity of judicial proceedings*

ઉપરોકત કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, વાદી ને સદર દાવાવાળી જમીનમાં વાદીનો સ્વતંત્ર રીતે નો  કબ્જો રહેલો હોઈ તેવુ સાબીત કરી શકેલ નથી. વાદીને કાયમી મનાઈ હુકમ ની દાદ પણ મળવાપાત્ર રહેતી નથી. જેથી વાદીને દાવાવાળી જમીન અંગે તેમના મિલ્કત પરત્વે ના રક્ષણ હેઠળ ની કોઈ દાદ મળવાપાત્ર ન હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે.

(૧૧.૮) અત્રે ઉલ્લેખનીય છે કે, વાદીએ આખરમાં દાવામાં જે દાવો કરવાનુ કારણ જણાવેલ છે તેની ચર્ચા કરીએ તો તે માનવાલાયક જણાઈ આવતુ નથી. કારણકે દાવાવાળી જમીનમાં વાદીના કથન મુજબ કયારથી વાદીનો કબ્જો હતો? શુ વાવતા હતા? કેવી રીતે કબ્જો પ્રતિવાદીઓ  છીનવવાની પ્રયત્નો કરે છે? પાકની વિગતો શા માટે ગામ નમુનામાં દાખલ કરાવેલ નથી? શા માટે મહેસુલ ભર્યાની પહોંચો રજુ કરેલ નથી? હાલ કોણ દાદાદળી જગ્યામાં શુ વાવણી કરેલ છે? અગાઉ શુ વાવણી કરેલ હતી?

==============================================================

તે અંગેના કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. તેમજ **દાવો કરવાનુ કારણ તા. ૧૫/૦૪/૧૯** ના રોજ પ્રતિવાદીએ દાવાવાળી જમીનમાં આવીને ઝઘડો કરેલો હોય અને ધમકીઓ આપેલ હોય તે હકીકત માનવાને કોઈ કારણ રેકર્ડ પર આવી શકેલ ના હોવાથી અત્રેની કોર્ટ તે માનતી નથી.

(B) **કાયદાની જોગવાઈ અને ચુકાદા (Law Provisions & Authorities):–**

(૧૧.૯) આ કેસમાં રેકર્ડ પર આવેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ વિગતવાર મુલ્યાંકનની છણાવટ કર્યા બાદ તેમજ રેકર્ડ પર આવેલ હકીકતોના તમામ પાસાની ચર્ચા કર્યા બાદ, ભારતીય પુરાવા અધિનીયમની કેટલીક મહત્વની કલમો અંહી સરળતા ખાતર ટાકંવામાં આવેલા છે. જે નીચે મુજબ છે.

***Indian Evidence act 1872.***

***Section 18. Admission by party to proceeding or his agent:-***

*Statements made by party to the proceeding, or by an agent to any such party, whom the Court regards, under the circumstances of the case, as expressly or impliedly authorized by him to make them, are admissions.*

*By suitor in representative character — Statements made by parties to suits, suing or sued in a representative character, are not admissions, unless they are made while the party making them held that character.*

*Statements made by—*

*(1) By party interested in subject-matter—persons who have any proprietary or pecuniary interest in the subject-matter of the*

==================================================================

*proceeding, and who make the statement in their character of persons so interested, or*

*(2) By person from whom interest derived- Persons from whom the parties to the suit have derived their interest in the subject-matter of the suit, are admissions, if they are made during the continuance of the interest of the persons making the statements.*

***Section 101. Burden of proof***

*Whoever desires any Court to give judgement as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist.*

***Section 102. On whom burden of proof lies***

*The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.*

***Section 103. Burden of proof as to particular fact***

*The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person*

***Section 114. Court may presume existence of certain facts***

*The court may presume the existence of any fact which it thinks likely to have happened, regard being had to the common course of natural events, human conduct and public and private business, in their relation to the facts of the particular case.*

==================================================================

આમ, ઉપર ટાંકવામાં આવેલ ભારતીય પુરાવા અધિનીયમની કલમોનો ટુંક સાર /નિષ્કર્ષ (Gist) એવો છે કે, પ્રથમ તો સ્વીકૃતિ અંગે ચર્ચા કરીએ તો જે પક્ષકાર દાવાની કાર્યવાહી દરમ્યાન કોઈ હકીકતનો સ્વીકાર્ય ગણતા હોય તેને સાબીત કરવાની જરૂર રહેતી નથી. ત્યારબાદ પુરાવના બોજાની કલમોની ચર્ચા કરીએ તો, જો કોઈ પક્ષકાર એમ ઈચ્છતો હોય કે કોર્ટ તેમની તરફેણમાં ચુકાદો આપે તો તે પક્ષકારે પક્ષનિવેદનમાં જણાવ્યા મુજબની હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવી જોઈએ. તેમજ કેટલાક સામાન્ય ક્રમમાં થતી ઘટનાઓ કે કાર્ય વિષે કોર્ટ કેટલીક હકીકતો માની લેશે.

આમ ઉપર મુજબના મુદાઓમાં મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા તથા કાયદાની જોગવાઈઓને સાથે વંચાણે લીધેલ છે.પરંતુ અંહી વાદી પોતાનો કેસ, ઉપર કરેલ કેસની ચર્ચા મુજબ સાબીત કરવામાં સફળ થયેલા નથી. તેવુ અત્રેની કોર્ટ માનવાનુ થાય છે.

આમ વાદીએ દાવામાં કોઈ મહત્વની હકીકતો છુપાવી હોવાનુ અત્રેની કોર્ટને જણાયેલ નથી. વાદીનો દાવો સમયમર્યાદામાં દાખલ કરેલા હોવાનુ જણાઈ આવે છે. વાદીના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડતો નથી. આમ વાદી કાયદાની મુદાની દ્રષ્ટિના કોઈ મુદાનો બાધ નડતો નથી અને જયારે બીજી તરફ વાદી હકીકતના મુદદે ઉપર મુજબના મુદાને સાબીત કરવામાં સફળ થયેલા હોય. જેથી આ મુદાનો અત્રેની કોર્ટને ઉચિત જાણતો જવાબ નીચે મુજબ છે.

(૧૧.૧૦) **AUTHORITY:-**

- **કોર્ટ દવારા ટાંકવામાં આવેલા ચુકાદા:–**

==================================================================

==================================================================

**વધુમાં** નામ. સુપ્રિમ કોર્ટે ***Sebastiao Luis Fernandes (Dead) By vs K.V.P. Shastri & Ors on 10 December, 2013, AIRONLINE 2013 SC 579, 2014(1) GLH 344,*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે**.....**

*“there is an essential distinction between burden of proof and onus of proof: burden of proof lies upon a person who has to prove the fact and which never shifts. Onus of proof shifts. Such a shifting of onus is a continuous process in the evaluation of evidence.* ***In our opinion, in a suit for possession based on title once the plaintiff has been able to create a high degree of probability so as to shift the onus on the defendant it is for the defendant to discharge his onus and in the absence thereof the burden of proof lying on the plaintiff shall be held to have been discharged so as to amount to proof of the plaintiff’s title.” We therefore do not find any reason whatsoever to interfere with the impugned judgment and decree passed by the High Court on this aspect of the case as well.”***

આમ ઉપરોકત કાયદાકીય તથા ઉચ્ચસ્તરીય ન્યાયીક નિર્ણયમાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે વાદી જે હકીકતના આધારે દાવો લઈને આવેલ હોય તે હકીકત વાદીએ હકારાત્મક રીત પુરવાર કરવાની રહે છે તેમજ તે હકીકતનું અસ્તિત્વ આધાર પુરાવા સાથે પુરવાર કરવાની જવાબદારી વાદીની છે. જેમાં વાદી સફળ સાબીત થયા છે.

==================================================================

==================================================================

(૧૧.૧૧) **Legal terms / Maxims:-**

Regarding this case, this court seems to quote the some legal terms. So herewith following legal terms is pertinent to this case.

1. Plaintiff must succeed on strength of his title and not by weakness in case of defendants defects in evidence of party on whom burden of proof lies cannot be cured by criticism of other parties.
2. Content of documents may be proved either by primary or secondary evidence.
3. **Actori incumbit onus probandi** – the burden of proof rests on the plaintiff.
4. **Nemo dat quod non habet** – no one can give what he does not have or no one can transfer better title than he himself had.

(૧૧.૧૨) આમ **વાદી** હાલના મુદાને સાબીત કરવામાં **નિષ્ફળ** થયેલા છે. તેવુ અત્રેની કોર્ટનુ અનુમાન થાય છે. આમ **મુદા નંબર – ૫** અંગેનો જવાબ **નકારમાં** ઠરાવવામાં આવે છે.

(૧૨) **મુદ્દા નંબર ૬ અન્વયેના કારણો:–**

(૧૨.૧) આમ આખરી મુદા નંબર **(૬) શુ હુકમ અને હુકમનામુ?** અંગે સ્પષ્ટતા કરીએ આ મુજબ કરેલ છે.

(૧૨.૨) આમ, ઉપર મુજબ વિગતવાર બન્ને પક્ષકારોના મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચર્ચા અને પુરાવાનુ વિગતવાર મુલ્યાંકન કરતા વાદી ઉપર મુજબ **મુદદા નંબર ૧, ૨,૩, ૫** ને સાબીત કરી શકેલ નથી તેમ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. આમ, વાદી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પોતાનો કેસ સાબીત કરી શકેલ નથી. જયારે **મુદા**

==================================================================

==================================================================

**નંબર ૪** નો અંગેનો સાબીતીનો બોજો પ્રતિવાદીઓ પણ નાખવામાં આવેલ હતો જે સાબીત કરવામાં તેઓ સફળ થયેલા હોવાથી તેનો જવાબ હકારમાં ઠરાવી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે. જયારે વાદીઓ હાલના દાવામાં તેઓએ કરેલ કથનો મુજબ દાવાવાળી તકરારી મિલકતમા તેઓનો હિસ્સો, કબજા ભોગવટા હોવાની હકીકતો દસ્તાવેજી અને મૌખીક પુરાવાઓથી પણ પુરવાર કરવામાં સફળ થયેલ નહી હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. આમ આવા સંજોગોમા ઉપરકોત તમામ ચર્ચા અનુસાર આ કામના વાદીઓ પોતાની દાવા અરજીમાં જણાવ્યા મુજબ દાદ મેળવવા હકકદાર બનતા ન હોય તેવુ જણાઈ આવે છે.

(૧૨.૩) જયારે બીજી તરફ વાદી કરતા પ્રતિવાદીનો કેસ વધુ માનવાલાયક જણાઈ આવે છે. તેમ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. આમ, વાદી હાલના દાવામાં તેઓએ કરેલ કથનો મુજબની હકીકતો દસ્તાવેજી અને મૌખીક પુરાવાથી પણ પુરવાર કરવામાં સફળ થયેલ નહી હોવાનુ અત્રેની કોર્ટનુ માનવાનુ થાય છે. અંહી ફરી એક વખત ટુંકમાં ચર્ચા કરવી જરૂરી છે કે જે દસ્તાવેજોને ખોટા ઠરાવવા માટે વાદી દાવો લઈને આવેલ હોય તે દસ્તાવેજો રેકર્ડ પર લાવવામાં વાદી સફળ ગયેલા ના હોય અને તેને ખોટા હોવની હકકીતનો પુરાવો રેકર્ડ પર લાવવામાં વાદી સફળ ગયેલા ના હોય તેવામાં તેવા દસ્તાવેજી પુરાવા અને મૌખિક પુરાવાની ગેરહાજરીમાં કોર્ટ તેને ખોટો થયેલ હોવાનુ શી રીતે ઠરાવી શકે. કોર્ટ તેવા દસ્તાવેજોને ખોટા ઠરાવી શકે નહી.

(૧૨.૪) આમ, ઉપરકોત ઉલ્લેખિત તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન તથા ચર્ચા અનુસાર આ કામના વાદીઓ પોતાની દાવા અરજીમાં જણાવ્યા

==================================================================

================================================================

મુજબ દાદ મેળવવા હકકદાર બનતા નથી. આ કામે ઉત્પન્ન થયેલ આખરી **મુદ્દા પરત્વે ન્યાયના વિશાળ હિતમાં યોગ્ય, ઉચિત અને વ્યાજબી જણતાા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

================================================================

**–:આખરી હુકમ:–**

================================================================

**1)** **વાદીનો દાવો નામંજુર કરવામાં આવે છે.**

**2)** **પક્ષકારો એ પોત પોતાનો ખર્ચ પોતે ભોગવવો.**

**3)** **હુકમ મુજબ હુકમનામુ દોરવુ.**

આજ રોજ આ ચુકાદો **તારીખ– ૩૦, માહે– માર્ચ, સને–૨૦૨૬,** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ** **30/03/2026**

**સ્થળઃ** **રાપર.**

**(અમિત મહેન્દ્રભાઈ પાટડીયા)**

જજ કોડ નં. જીજે ૦૧૪૩૪

પ્રિન્સીપાલ સિવિલ જજ તથા
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, રાપર.

================================================================